આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વકફ એક્ટનો મુદ્દો જિલ્લામાં પહોંચ્યો : પારડીમાં બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૦ :** પારડીમાં ભારત સરકાર દ્વારા વકફ એક્ટ એમેન્ડમેન્ડ ૨૦૨૪ બિલ સંશોધન કરવામાં આવી રહ્યું છે. વકફ બોર્ડમાં ભારતીય સંવિધાન હેઠળ લાવવામાં આવે એ બાબતે સરકાર દ્વારા સંસદમાં બિલ મુકવામાં આવ્યું પરંતુ વિરોધ થતાં જોઈન પાર્લામેન્ટ (JPC) કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે. JPC દ્વારા ભારતના સૌ નાગરિકોનું આ બાબતે સૂચનો માંગવામાં આવી રહ્યા હોઈ જે માટે મહાજન ટ્રસ્ટ હૉલ, વૈજનાથ મહાદેવ મંદિર ખાતે પારડી નગરના વેપારી મંડળ વિવિધ સંસ્થા સમાજ સંગઠનોના મહાનુભાવો સાથે આ બાબતે દક્ષિણ ગુજરાત પ્રાંત કાર્યાધ્યક્ષ રાજેશભાઈ રાણા દ્વારા જાણકારી આપવામાં આવી હતી અને વકફ એક્ટ એમેન્ડમેન્ડ ૨૦૨૪ બિલ સંશોધન બાબતે જણાવ્યું હતું કે વકફ બોર્ડના દાવા ભારતની સિવિલ કોર્ટમાં કોઈ કાર્યવાહી ન થઈ શકે આ દાવા માટે માત્ર વકફ ટ્રીબ્યુનલમાં અરજી કરી શકાય છે. જેમાં મુસ્લિમ વ્યક્તિજ હોઈ છે આ પ્રકિયા પારદર્શક ન્યાય પ્રદાન કરી શક્તિ નથી જેનાથી હિન્દૂ તથા બિન મુસ્લિમ નાગરિકોના બંધારણીય હકોનું ઉલ્લઘન થાય છે એ માટે હિન્દુ સમાજે પણ એક થઈ પોતાનું સમર્થન દર્શાવે એ જરુરી છે. આ વિષય સમાજના લોકો સુધી પહોંચે એ હેતુથી એક બેઠક રાખવામાં આવી હતી.

## પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા જાહેર

**વલસાડ, તા. ૧૦ :** કમિશન, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ-ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી-વલસાડ દ્વારા આયોજીત રાજ્યકક્ષાની પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ (સિનિયર) સ્પર્ધા આગામી નવેમ્બર માસમાં યોજાશે. આ સ્પર્ધામાં તા.૩૧-૧૨-૨૦૨૪ના રોજ ૧૯ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ જ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ૧ થી ૧૦ ક્રમમાં પસંદગી પામનાર યુવક યુવતીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવામાં આવશે. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા યુવક યુવતીઓએ પ્રવેશપત્રમાં શાળા-કોલેજના સહી સિક્કા કરાવવા. અભ્યાસ કરતા ન હોય તેવા સ્પર્ધકોએ ચેરીટી કમિશનરમાં નોંધાયેલ મંડળોના સહી-સિક્કા કરાવવા ફરજીયાત છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલીફોન એક્સચેન્જ ઓફીસ, પહેલો માળ,પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, તા.જિ.વલસાડ ખાતેથી અરજી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે તા.૧૫-૧૦-૨૦૨૪ સુધી મોકલી આપવાનું રહેશે માટે કચેરી ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ધરમપુરમાં જેટકોના આઉટસૉર્સિંગ કર્મચારીઓના ધરણા બાદ નિરાકરણ

### ધારાસભ્ય અનંત પટેલ, એક્ઝિક્યુટિવ એન્જિનિયર તેમજ એમડી સાથે ચર્ચા બાદ નિરાકરણ આવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૦ :** વાપી ડિવિઝન GETCOના આઉટર્સોસિંગના ૬૬ કેવીના પાવર હાઉસના કર્મચારીઓ (એન્જીનિયરો) તા.૧૬/૦૮/૨૦૨૪ને ૦૫ વાગ્યેથી આજદિન સુધી પોતાની પડતર માંગણીઓ લઈને પેન ડાઉન અને તમામ ઓપરેશન બંધ કરી (હડતાલ) પર હોવાથી જેના અનુસંધાને આજરોજ તમામ કર્મચારીઓ ધરણાં પર બેઠા હતાં જેમાં કોચરવા, ચિવલ, તંબાડી, સેકન્ડ ફેઝવાપી, આંબાતલાટ, વલંડી, સુખલાવ, તીસ્કરી, મનાઈચોંઢી, નિમખલ, ખેરલાવ, મોરાઈ ૨, પલગામ, ઉમરસાડી લ્વ જેવા ૧૫ પાવર હાઉસ (SS) JBS એન્ટરરપ્રાઇઝ પ્રાઇવેટ લિમિટેડના તમામ કર્મચારીઓની મુખ્ય માંગણીઓ પૈકી મેં ૨૦૨૪થી આજદિન સુધીનો પગાર બાકી હોય જે મળવો જોઈએ, બીજા મહિનાથી પગાર સમયસર થઈ જવો જોઈએ.

પીએફ રેગ્યુલર જમા થવું જોઈએની માંગણીઓ સાથે આજરોજ ધરમપુરમાં ડો. બાબા સાહેબ આંબેડકર સર્કલ પાસે ધરણાં પર બેઠા હતાં ત્યાં વાંસદા વિસ્તારના ધરાસભ્ય અનંત પટેલ સાથે સાથે વાપી ડિવિઝનના એઝ્યુંકેટિવ રૂબરૂ આવી અને JBS ના MD એ ટેલીફોનીક ચર્ચા કર્યા બાદ માંગણીઓ સ્વીકારતા આજરોજ જેટકોના આઉટર્સોસિંગ કર્મચારીઓએ ધરણાં સમેટી લઈ ડો. બાબા સાહેબ આબેડકરની પ્રતિમા આગળ પુષ્પહાર પહેરાવી પૂર્ણાહુતી કરવામાં આવી હતી. જોકે ૧૦ દિવસમાં થયેલ સમાધાન અંગે નિરાકરણ ન આવે તો ૫ જિલ્લાનાં તમામ કર્મચારીઓ સાથે ફરીથી ધરણાં બેસવા અંગેની ચીમકી આપી હતી.

વધુમા આઉટ સોર્સસિંગના નામે હજારો કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. પરંતુ આજે એન્જીનિયરોનું પણ શોષણ કરાતા શુ આને વિકાસ કહેવામાં આવે જેવા અનેક સવાલો ઉઠ્યા હતાં.

આજરોજ ધરમપુરમાં ડો. આંબેડકર સર્કલ પાસે જેટકોના આઉટર્સોસિંગના કર્મચારીઓની ધારણા સ્થળે તાલુકા પંચાયતના અપેક્ષા કલ્પેશ પટેલ, આદિવાસી એક્તા પરિષદના કમલેશ પટેલ, નડગધરી ગામના સરપંચ દિનેશભાઈ, કપરાડાના મનાલા ગામના સરપંચ જ્યેન્દ્ર ગાવીત, ધરમપુર તાલુકા પંચાયત સામાજિક આગેવાન રવિ ભાઈ, કાકડકુંવા ગામના માજી ડેપ્યુટી સરપંચ કિરણ ભાઈ,બોપી ગામના માજી સરપંચ નવસુભાઈ, સામાજિક આગેવાન રામદાસભાઈ, ધરમપુર નગરપાલિકા માજી કોર્પોરેટર ધીરજ પટેલ, સામાજિક આગેવાન રાકેશભાઈ, અમિતભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

## મોટાવાઘછીપામાં ચાર દિવસ પહેલાં વકીલના ઘરે લૂંટ-ખૂનના પ્રયાસ પ્રકરણમાં ૮ આરોપી ઝડપયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૦ :** ચાર દિવસ અગાઉ પારડીના મોટા વાઘછીપા ગામે રહેતા વકીલના ઘરે પાણી પીવાના બહાને ઘરમાં પ્રવેશ કરી મહિલાને ચપ્પુ તેમજ ધાક ધમકી આપી લૂંટ અને ખૂનની કોશિષ કરવાના ગુનામાં વલસાડ જિલ્લા પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં આઠ આરોપીઓને ઝડપી પાડી તેઓની પાસેથી કાર અને મોબાઈલ મળી કુલ ૫.૧૫ લાખ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતાં. આ ઘટનામાં એન ડી.પી.એસ.ના ગુનાનો આરોપી, હત્યાનો આરોપી સહિત આઠ આરોપીઓ આ લૂંટ અને ખૂનની કોશિષના ગુનામાં આરોપીઓ ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરતા ૧૪મી સુધી રિમાન્ડ મળ્યા છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરન રાજ વાઘેલાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. પારડી તાલુકાના મોટાવાઘછીપા ગામે અંબાચીયુ ફળિયામાં રહેતા વકીલના ઘરે તા. ૬/૯/૨૦૨૪ના રોજ તેમની પત્ની એકલી હતી તે દરમિયાન સફેદ કલરની કારમાં આવેલા ચાર અજાણ્યોએ ઘરમાં જઈ તેમને જણાવ્યું કે વકીલ વિષય પૂછપરછ કરી પાણીની માંગણી કરતા મહિલા પાણી લેવા જતા અજાણ્યા ચાર ઈસમોએ મહિલાને પકડી લઈ ડરાવી ધમકાવી અંદર આવેલા બાથરૂમની બાજુમાં લઈ જઈ અવાજ બંધ નહીં કરે તો મારી નાખશું એવી ધમકી આપી મહિલાને અજાણ્યા ઈસમોએ ચપ્પુ મારવા જતા સ્વબચાવમાં ડાબો હાથ આડો કરતાં જમણા હાથમાં ચપ્પુથી ઈજા કરી અને મોઢા ઉપર ઢીક મુક્કી મારી ગળું દબાવી મારી નાંખવાની કોશિષ કરી ઘરમાં પૂરી દઈ નાસી જવાની ઘટના બાબતે પારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે વલસાડ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પારડી પોલીસ મથકના પીઆઈજીઆર ગઢવી, એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ, એસઓજી અને જિલ્લાની પોલીસ, પેરોલ ફલો સ્કવોડ, તેમજ પોલીસની ટીમે આજુબાજુના સીસીટીવી ફૂટેજ ટેકનીકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે વર્કઆઉટ કરી આરોપીઓ એક સફેદ કલરની ઈકોસ્પોર્ટ કાર નં. એમએચ ૦૪ એચએક્સ ૯૯૭૭ને ઉપયોગમાં લીધો હોવાનું બહાર આવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે મહારાષ્ટ્રમાં તપાસ શરૂ કરી હતી. વલસાડ એલસીબીની ટીમે ગણતરીના દિવસોમાં મહારાષ્ટ્રમાંથી વાહન તથા ગુનામાં સંડાવેલા આરોપીને પકડી મુદ્દામાલ સાથે પારડી પોલીસને સોંપવામાં આવ્યો હતો. પકડાયેલો આરોપી ભરત ઉર્ફે ભરત લંગડો ચંદુભાઈ ધોડિયા પટેલ જેવો સ્થાનિક રહીશ છે અને તે વકીલનો કાર ડ્રાઈવર હોવાથી વકીલના પરિવાર દ્વારા ઘર લેવાની વાતચીત ચાલતી હોય જેથી ઘરમાં પૈસા અને સોના-ચાંદી વધુ હોવાની માહિતી મેળવી અંગે તેના મિત્ર ધર્મેશ ઉર્ફે ધર્મો મગન ચૌધરીને કરી હતી. જેથી ધર્મેશ બે મહિના અગાઉ વકીલના ઘરે રેકી કરી ઘરમાં લૂંટ કરવાનું નક્કી કર્યું હતું. જેથી આરોપી ધર્મેશ ઉર્ફે ધર્મો ચૌધરીએ પોતાના ઓળખીતા ચેતન ભીખુ નાયકા જે અગાઉ નવસારી જિલ્લામાં એનડીપીએસના ગુનામાં નવસારી સબ જેલમાં હતો. તેને લૂંટનો પ્લાન બનાવ્યો હતો. તે દરમિયાન ખૂનનો નવસારી જેલમાં કેદ આરોપી બીપીન અશોક ધોડિયા પટેલ તથા હેમંત ચીમન પટેલ સાથે મિત્રતા થઈ હતી અને લૂંટ કરવાનો પ્લાન્ટમાં સામેલ (અનુ. પેજ નં.૭ પર)

### પકડાયેલા આરોપીઓના ગુનાહિત ઈતિહાસ

જયેશ શિવરામ પટેલ મહારાષ્ટ્રના મનોર પોલીસ મથકમાં ફરિયાદ, ભરત ઉર્ફે ભરત લંગડો ચંદુ ધોડિયા પટેલ સામે વલસાડ એસીબી પોલીસ મથકમાં ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદ, બીપીન અશોક ધોડિયા પટેલ સામે ધરમપુર પોલીસ મથકમાં બે ફરિયાદ, હેમંત ચીમન ધો.પટેલ સામે ધરમપુર પોલીસ મથકમાં ફરિયાદ ચેતન ભીખુ નાયકા સામે ચીખલી પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ફરિયાદ નોંધાય છે.

## વાપી પાલિકાનાં વોર્ડોમાં સ્ટ્રીટ લાઈટોનો પ્રશ્ન સ્વાગત કાર્યક્રમમાં પહોંચ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૦ :** વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ વોર્ડમાં સ્ટ્રીટ લાઈટ બંધ અવસ્થામાં રહેતી હોવાથી સ્થાનિક નાગરિક અને યુથ કોંગ્રેસના પ્રમુખ વરૂણસિંગ ઠાકુર દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પ્રશ્નોનો હલ નહીં આવતા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નો રજૂ કરી સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવવા માંગે કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ વરૂણસિંગ ઠાકુર દ્વારા નગરપાલિકા હદ વિસ્તારના ૧૧ વોર્ડમાં આવેલ મોટાભાગની સ્ટ્રીટ લાઈટો બંધ અવસ્થામાં વર્ષોથી રહી છે અને જે અંગે વારંવાર રજૂઆત ઓનલાઈન નગરપાલિકામાં કરવામાં આવે છે જેની નોંધ કરવાની છે. પરંતુ સમસ્યાનો ઉકેલ કરવામાં નગરપાલિકાનું તંત્ર સરેઆમ નિષ્ફળ જતાં તેમ જ હાલમાં વાપી નગરપાલિકાના લાઈટ એન્ડ ફાયર વિભાગમાં માત્ર બે કર્મચારી હોવાથી સ્ટ્રીટ લાઈટ રીપેર કરવામાં મુશ્કેલી પડે છે તેમજ પાલિકા વધુ વિસ્તારના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેવાથી ચોરી લૂંટ અને ચેન સ્નેચિંગ તેમજ મહિલાઓની છેડતી થવાના બનાવો બની રહ્યા છે. સાથે આ વિભાગમાં વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ તેમ છતાં વાપીની જનતા અંધારામાં જ રહે છે જેવા પ્રશ્નો સાથે વાપી શહેર તાલુકા મામલતદારને આ વેદનપત્ર આપી તેમની સમસ્યાનો ઉકેલ લાવવા માટે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્નો સામેલ કરી સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવવાની માંગ કરી છે અને જો આ સ્ટ્રીટ લાઈટો તાત્કાલિક રીપેર કરવામાં ન આવશે તો વાપીના કોંગ્રેસના કાર્યકર્તાઓ સરદાર પટેલના માર્ગે જવાની ચીમકી પણ આપવામાં આવી છે.

## વલસાડની મોબાઈલ દુકાન ઉપર અજાણ્યાઓના પથ્થરમારાથી ચકચાર




### એસપી સાહિત પોલીસ કાફલો ધસી ગયો : ગેરમાર્ગે ન દોરાવા અપીલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૦ :** વલસાડ શહેરના આવાબાઈ સ્કૂલ પાસે આવેલી પુજારા મોબાઈલ શોપ પર મોડી સાંજે અજાણ્યા ઈસમ દ્વારા મોબાઈલની દુકાન ઉપર પથ્થરમારો કરવાની ઘટના બનતા લોકોમાં ભાગદોળ મચી ગઈ હતી. જોકે ઘટનાની જાણ થતાં વલસાડ જિલ્લા પોલીસવડા, વલસાડ સીટી એલસીબી સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતાં.

આમ તો આખું વલસાડ શહેર શાંતિમય અને ભાઈચારાના મહોલમાં રહે છે. ત્યારે આજરોજ સાંજે વલસાડ શહેરના આવા બાઈ સ્કૂલ પાસે આવેલી પુજારા મોબાઈલ નામની દુકાન ઉપર કોઈ અજાણ્યા ઈસમો દ્વારા મોબાઈલ દુકાન પર પથ્થર મારો કરતા દુકાનનો કાચ તૂટી જવાની ઘટના બનતા રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. દુકાન ઉપર પથ્થરમારો કરી હુમલાખોર ભાગી છુટ્યો હતો. મોબાઈલની દુકાન ઉપર પથ્થર મારો થવાની ઘટનાની જાણ થતા વલસાડ જિલ્લા પોલીસવડા ડોક્ટર કરનરાજ વાઘેલા, વલસાડ સીટી પોલીસ મથકના પીઆઈ પરમાર એલસીબી સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે દુકાનમાં તપાસ કરતાં દુકાનનો કાચ તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. જોકે પોલીસ દ્વારા શહેરમાં શાંતિ બની રહે તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

## ગણદેવીમાં ભાદરવો ગર્જયો : ૪ ઈંચ વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૦ :** ગણદેવી તાલુકામાં ભાદરવે અષાઢી માહોલ જામ્યો છે. ગણદેવીમાં મંગળવારે સાંજે ૪ કલાકે વીતેલા ૧૬ કલાકમાં ગણદેવી તાલુકા માં ૯૬ મીમી (૪ ઈંચ) સાથે મોસમનો ૨૧૩૫ મીમી (૮૫.૪ ઈંચ) વરસાદ નોંધાયો છે. સતત વાદળછાયા વાતાવરણ વચ્ચે અવિરત વરસાદી હેલી જામી છે. ગણદેવી માં વહેલી સવારે ૪ થી ૬ દરમિયાન ત્રણ ઈંચ સાંબેલાધાર વરસાદ ને પગલે રાબેતા મુજબ ઠેર ઠેર પાણીનો ભરાવો જોવાયો હતો. લોકમાતા અંબિકા, કાવેરી, પનિહારી, વેંગણિયા નદીઓ ફરી એકવાર બંને કાંઠે વહેતી થઈ હતી. અંબિકા નદીએ ૧૧.૧૧ ફૂટ, કાવેરી નદી ૯ ફૂટની જળસપાટી વટાવી હતી. જેને કારણે જૂજ ડેમ ૧૬૭.૬૦ અને કેલીયા ડેમ ૧૧૩.૫૫ ફૂટે ઓવરફલો થયાં હતાં. ડાંગર પાક માં દૂધે ભરાયેલી કંઠી માં મબલક દાણા બંધાવાની આશ સાથે જગતનો તાત હરખાયો હતો.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com






# અન્ય સમાચારો

Wednesday 11, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## રાજ્યની મહાનગરપાલિકાના ધારાસભ્યને રસ્તાના કામો માટે રૂ. ૨ કરોડની વધારાની ગ્રાન્ટ મંજૂર

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૧૦ :** રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડરસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે. મુખ્યમંત્રીના આ શહેરીજન સુખાકારીની વૃદ્ધિ કરતા નિર્ણયને પરિણામે મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કાર્ય હાથ ધરી શકાશે. એટલું જ નહીં, માર્ગોની સુધારણા, મજબૂતીકરણને પરિણામે અર્બન મોબોલિટીમાં પણ સુગમતા રહેશે. મહાનગરપાલિકાઓએ સંબંધિત ધારાસભ્યઓના પરામર્શમાં રહીને આ ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. મહત્વનું છે કે, મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા ક્રોંકિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કોંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે. મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવા કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્યદીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે.

## ‘PM સૂર્ય ઘર’ - ‘PM કુસુમ યોજના’ના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૧૦ :** વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતભરમાં શરૂ કરવામાં આવેલી ‘પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના’ તેમજ પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન-PM KUSUM' યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહ્યું છે તે સરાહનીય છે તેમ, કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલહાદ જોષીએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારની ‘PM સૂર્ય ઘર’ અને ‘PM કુસુમ યોજના’ અંતર્ગત ગુજરાતે કરેલી કામગીરીની આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી પ્રલહાદ જોષીની અધ્યક્ષસ્થાને સર્વગ્રાહી સમીક્ષા બેઠકયોજાઈ હતી.આ બેઠકમાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના ઊર્જા વિભાગ દ્વારા આ યોજના અંતર્ગત કરેલી કામગીરી અંગે કેન્દ્રીય મંત્રીને માહિતગાર કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં વીજળીના યોગ્ય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની યુજીવીસીએલ, પીજીવીસીએલ, ડીજીવીસીએલ અને એમજીવીસીએલએમ ચાર વીજ કંપનીઓ ભારતમાં નંબર-૧ની સાથે સાથે નફો પણ કરી રહી છે. ‘PM સૂર્ય ઘર’ યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે. આ બન્ને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજીંગ ડીરેક્ટર જયપ્રકાશ શિવહરેએ ‘PM સૂર્ય ઘર’ યોજના અંગે ગુજરાતે કરેલી કામગીરીનું કેન્દ્રીય મંત્રીસમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરતાં કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં કુલ ૧ કરોડ ઘર પર સોલર રૂફટોફ લગાવવાના લક્ષ્યાંક સામે સૌથી વધુ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૧ લાખ ઘર પર સોલર રૂફટોફ લગાવવાની નોંધણી કરવામાં આવી છે

## સંસ્કાર ભારતીના સિનેટૉકીઝ ૨૦૨૪ પોસ્ટર અને વેબસાઈટ www.cinetalkies.in નું સત્તાવાર અનાવરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સંસ્કાર ભારતીના સિનેટૉકીઝ ૨૦૨૪ (www.cinetalkies.in) નું સત્તાવાર પોસ્ટર અને વેબસાઈટ આજે જાણીતા ફિલ્મ નિર્માતા બોની કપૂર જીની હાજરીમાં લૉન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારતીય ચિત્ર સાધનાના ટ્રસ્ટી પ્રમોદ બાપટ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અરુણ શેખર, ઉપાધ્યક્ષ, સંસ્કાર ભારતી, કોંકણ પ્રાંત અને આનંદ કે સિંઘ, ભોજપુરી અને હિન્દી સિનેમાના જાણીતા નિર્માતા અને મીડિયા વ્યક્તિત્વ દ્વારા મહેમાનોના સ્વાગત સાથે કરવામાં આવી હતી.

પ્રમોદ બાપટએ વુડ્સ ટુ રૂટ્સ થીમ પસંદ કરવા બદલ સંસ્કાર ભારતીને અભિનંદન આપ્યા હતા, જે ભારતીય મૂળમાં પોતાની જાતને શોધવા માટે વિભિન્ન પ્રાદેશિક સિનેમા ઉદ્યોગોના એકસાથે આવવાની વાત કરે છે. તેમણે ભારતીય ચિત્ર સાધનાના યુવાનો અને વ્યાવસાયિક ફિલ્મ નિર્માતાઓમાં ફિલ્મો અને વાર્તા કહેવામાં ભારતીય સામગ્રીની સુસંગતતા વિશે જાગૃતિ લાવવાના તાજેતરના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો. પ્રમોદે કહ્યું કે ભારતીય વાર્તાઓ અને વાર્તા કથન પ્રાચીન સમયથી પ્રાસંગિક છે. વાર્તા કહેવા એ એક કળા છે જે આપણે ભારતીયોએ વિશ્વને શીખવી છે. હવે ભારતીય ફિલ્મ નિર્માતાઓ માટે તેમના મૂળ તરફ પાછા ફરવાનો અને નવી વાર્તાઓ શોધવાનો સમય છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગ પાસે આજે વિશ્વભરમાં ભારતની છબીને સોફ્ટ પાવર તરીકે રજૂ કરવાની વિશાળ તક છે.

હવે ભારતીય ફિલ્મ નિર્માતાઓ માટે તેમના મૂળ તરફ પાછા ફરવાનો અને નવી વાર્તાઓ શોધવાનો સમય છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગ પાસે આજે વિશ્વભરમાં ભારતની છબીને સોફ્ટ પાવર તરીકે રજૂ કરવાની વિશાળ તક છે. પ્રમોદ બાપટજીએ આશા વ્યક્ત કરી હતી કે ભાઈચારો અને સમાજ વચ્ચે વિચારોના સ્વસ્થ આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવામાં સિનેટૉકીઝના આવા પ્રયાસો સફળ થશે. બોની કપૂર જીએ સમગ્ર ઉદ્યોગોમાં સંવાદને પ્રોત્સાહન આપવા માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવા બદલ સંસ્કાર ભારતીને અભિનંદન આપીને શરૂઆત કરી. તેમણે કહ્યું કે ઉદ્યોગમાં તેમના ૫૦ વર્ષના અનુભવ સાથે તેમણે હંમેશા પરોક્ષ રીતે ભારતીય નીતિને અનુસરવાનો પ્રયાસ કર્યો છે. તેણે કહ્યું કે તે હંમેશા તેની ફિલ્મોમાં મજબૂત મહિલા પાત્રને રજૂ કરવામાં માને છે. તેમણે કહ્યું કે ભારતીય સિનેમા અને ભારતીય વાર્તાઓ એકબીજા સાથે જોડાયેલા છે. તેમણે ઉલ્લેખ કર્યો કે આજે અમે અત્યાધુનિક ટેક્નોલોજીના મિશ્રણથી અમારી વાર્તાઓને વધુ સારી રીતે કહી શકીએ છીએ.

આ ઈવેન્ટમાં, પ્રખ્યાત મરાઠી અભિનેતા અને ફિલ્મ નિર્માતા સુનિલ બર્વેને સિને ટોકીઝ ૨૦૨૪ ના સંયોજક તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સંસ્કાર ભારતી કોંકણ પ્રાંતના સંગઠન મંત્રી ઉદય શેવડે દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમનો અંત આવ્યો હતો.

## કચ્છમાં શંકાસ્પદ તાવ : ૧૩નાં મોતથી આરોગ્ય ટીમ યુદ્ધનાં ધોરણે કાર્યરત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કચ્છ, તા.૧૦

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થયો છે ત્યારે મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે. જેમાં ડેન્ગ્યૂ, મલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોના કેસ નોંધાયા છે. રાજ્યમાં કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવ્યા છે. જેમાં 13 લોકોના મોત થયા છે. આ શંકાસ્પદ પ્રથમ કેસ કચ્છ જિલ્લામાં 4થી, સપ્ટેમ્બરે નોંધાયો હતો. જેના પગલે, આરોગ્ય વિભાગની 27 ટીમો યુદ્ધના ધોરણે ‘હાઉસ ટુ હાઉસ સર્વે’નું કામ કરી 318 ઘરો પૈકી 2234 લોકોનું આરોગ્યલક્ષી સ્ક્રીનિંગ કર્યું હતું. જેમાં 48 જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મેલેરિયા રેપીડ ટેસ્ટ કરાયો હતો. જેમાં બે દર્દી ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા હતા અને એક દર્દી ડેન્ગ્યૂ પોઝિટિવ આવ્યો હતો. તંત્ર દ્વારા ‘હાઉસ ટુ હાઉસ’ દરમ્યાન એન્ટી લારવલ એક્ટિવિટી તેમજ 1955 ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરાયું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ, મેડિકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રીપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવાઇ હતી. અદાણી મેડિકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરાયેલા ઈન્વેસ્ટીગેશન કેસોનું બ્લડ સેમ્પલ, સિઝનલ ફ્લૂ, કોવિડ-19 અને બ્લડ સીરમ સેમ્પલ લેવાયા હતા. જેમાં 11 દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફ્લૂ (H3N2) પોઝિટિવ આવ્યો હતો. તમામ 11 સેમ્પલ કોવિડ-19 નેગેટિવ આવ્યા હતા. જે સેમ્પલ મેડિકલ કોલેજ રાજકોટ, ICMR NIV Pune ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

### રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે

## ગુજરાત પોલીસ દ્વારા નવી હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ શરૂ

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૧૦ :** રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે. રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો તેમજ ટ્રાફિક જામ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે. રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઇનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે. ટ્રાફિક સંબંધિત આ હેલ્પલાઈન ઉપરાંત ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે અન્ય ત્રણ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં વેબસાઈટ, ઈમેઇલ આઇડી તેમજ સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરવામાં આવ્યો છે.

ડેડિકેટેડ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ ઉપર કૉલ મળતા જ પોલીસ દ્વારા જે વિસ્તારની ફરિયાદ હશે તે સંબંધિત જિલ્લાના પોલીસ અધિકારીને તાત્કાલિક આ સમસ્યાના નિવારણ માટે એક્શન લેવા સૂચના આપવામાં આવશે. એવી જ રીતે ટ્રાફિક જામ કે માર્ગ અકસ્માત સંબંધિત કોઈ પણ ફરિયાદ સ્માર્ટ ફોનની મદદથી એપ્લિકેશન મારફતે કરી શકાય તે માટે એપ્લિકેશન સિટીઝન ફર્સ્ટમાં ખાસ ફિચર ઉમેરવામાં આવ્યુ છે. આ એપ્લિકેશન મારફતે કોઇ પણ વ્યક્તિ મોબાઇલમાં ફોટો પાડીને સમસ્યાની જાણ પોલીસને કરી શકશે. જેનાં લોકેશનને આધારે પોલીસ રિયલ ટાઇમ મોનિટરીંગ કરીને આ સમસ્યાનો ઉકેલ લાવશે.

આ ઉપરાંત રાજ્યના કોઇ પણ ખૂણે કોઇ નાગરિકને માર્ગ અકસ્માત કે ટ્રાફિક જામ સંબંધિત કોઇ સમસ્યાનો સામનો કરવો પડે કે આવા કોઇ દ્રશ્ય દેખાય તો તેનો ફોટો 'https://gujhome.gujarat.gov.in/portal' વેબસાઇટમાં અપલોડ કરી તે કયા લોકેશનની સમસ્યા છે તેની માહિતી આપી શકશે.

સાથે સાથે કોઇ પણ નાગરિક ટ્રાફિક સંબંધિત સમસ્યાની જાણકારી ઈમેઇલ આઇ.ડી 'trafficgrievance@gujarat.gov.in' ઉપર પણ આપી શકશે. ઈમેઈલ પર મળેલી ફરિયાદ અંગે પણ એક્શન લઇ સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે.

આ તમામ માધ્યમો મારફતે નાગરિકો તરફથી મળેલી ટ્રાફિક સંબંધિત ફરિયાદોનું નિવારણ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો તેમની ટ્રાફિક સમસ્યાઓના ઝડપી અને વધુ અસરકારક ઉકેલ મેળવી શકશે.

આ નવી સુવિધાઓના વ્યાપક ઉપયોગ માટે નાગરિકોને સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે, જેથી રાજ્યની ટ્રાફિક વ્યવસ્થામાં વધુ સુધાર લાવી શકાય અને માર્ગ સલામતીમાં વધારો થાય.

## ગુજરાત પોલીસ ભરતીનાં બીજા તબક્કામાં ૧.૫૪ લાખ જેટલી અરજીઓ મળી

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૧૦ :** ગુજરાત પોલીસ ભરતીને લઈને એક મોટી અપડેટ સામે આવી છે.તાજેતરમાં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા અગાઉ, સમયમર્યાદા ચૂકી ગયેલા ઉમેદવારો માટે ફરી એકવાર ઓનલાઈન અરજી પ્રક્રિયાને શરૂ કરવામાં આવી હતી. જેનો ગઈ કાલે ૯ સપ્ટેમ્બરે છેલ્લો દિવસ હતો. ત્યારે પોલીસ ભરતીનાં બીજા તબક્કામાં કેટલી અરજીઓ થઈ તેને લઈને ગુજરાત પોલીસ ભરતી બોર્ડનાં અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરીને જણાવ્યું છે કે, પોલીસ ભરતીનાં બીજા તબક્કામાં ૧.૫૪ લાખ જેટલી અરજીઓ મળી છે. મહત્વનું છે કે, અગાઉ ૧૦.૨૬ લાખ અરજીઓ થઈ હતી. ત્યારે બીજા તબક્કામાં પણ મોટા પ્રમાણમાં અરજીઓ થઈ છે.

અહીં નોંધવું ઘટે કે,ગુજરાત પોલીસ વિભાગ દ્વારા ૧૨૪૭૪ પદ માટે ઓનલાઈન અરજી મંગાવવામા આવી હતી. જો કે, મૂળ અરજીનો સમયગાળો ૪ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૪ સુધીનો હતો. પરંતુ જે ઉમેદવારો કોઈ કારણો સર આ ભરતી માટે અરજી કરી શક્યા ન હોય તેમને અરજી કરવા માટે ૯ સપ્ટેમ્બર સુધીની વધુ એક તક આપવામા આવી હતી.

અરજીની વિગતો આપતા હસમુખ પટેલે કહ્યું કે એપ્રિલમાં ભ્લ્ત માટે ૪.૪૭ લાખ અરજીઓ, લોકરક્ષક માટે ૯.૭૦ લાખ અરજી આવી હતી. આ પછી બીજા તબક્કામાં PSI માટે ૫૧૮૦૦ અરજીઓ અને લોકરક્ષક માટે ૧.૩૫ લાખ અરજી આવી છે. તો બંને તબક્કા મળીને અત્યાર સુધીમાં ભ્લ્ત માટે ૪.૯૯ લાખ જેટલી અરજી અને લોકરક્ષક માટે ૧૧.૦૫ લાખ અરજીઓ મળી છે. પટેલે એમ પણ કહ્યું કે જે ઉમેદવારે બંને પોસ્ટ માટે અરજી કરી છે, તો તે ઉમેદવારે માત્ર એક જ વાર શારીરિક કસોટી આપવાની રહેશે. હસમુખ પટેલે અગાઉ આ ભરતીની શારીરિક પરીક્ષા અંગે પણ માહિતી આપી હતી જેમાં તેમણે જણાવ્યું હતુ કે, ચોમાસા પછી શારીરિક પરિક્ષા લેવામાં આવશે. નવેમ્બરમાં શારીરિક કસોટીનું આયોજન થશે. પીએસઆઈમાં બે પેપર લેવામાં આવશે. પીએસઆઈની બે લેખિત પરિક્ષા લેવાશે. શારીરિક પરિક્ષા પછી તરત જ પીએસઆઈની લેખિત પરિક્ષા લેવાશે. પીએસઆઈ ડિસેમ્બરમાં લેખિત પરીક્ષા લેવાશે. આ પરીક્ષા નવી CBRT પરીક્ષા પદ્ધતિથી લેવામાં આવશે કે OMR લેખિત પરીક્ષા પદ્ધતિ દ્વારા તે અંગે પણ હસમુખ પટેલે સ્પષ્ટતા આપતા જણાવ્યું હતુ કે,આ પરીક્ષા નવી CBRT પરીક્ષા પદ્ધતિથી નહીં પરંતુ બ્પ્ય લેખિત પરીક્ષા પદ્ધતિ દ્વારા જ લેવાશે. સાથે જ તેમણે ઉમેદવારોને સલાહ આપતા કહ્યું કે, ઉમેદવારો મહેનત કરીને પરીક્ષા પાસ થાય છે, તેથી ધૂતારાઓથી દૂર રહે. ગત વખતે છેતરનાર લોકો સામે કાર્યવાહી કરી અને ઉમેદવારો સામે પણ કાર્યવાહી કરાઈ છે. ઉમેદવારોને અપીલ કે આવી કોઈ લાલચમાં ન પડે.

## ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેસન - ગ્રિટની રચના કરાઈ

અમારા પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. ૧૦ :** ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (‘ગ્રિટ’)ની રચના કરવામાં આવી છે. રાજ્ય સરકારે, વિકસિત ભારત @ 20247 માટે વિકસિત ગુજરાત@ 20247નો ડાયનેમિક વિઝન ડોક્યુમેન્ટ-રોડમેપ પણ તૈયાર કરી લીધો છે. જેમાં દર્શાવાયેલા ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યાંકો ધ્યાને લઈને વ્યુહાત્મક યોજનાઓની રચના માટે ‘ગ્રિટ’ થિંક-ટેન્ક તરીકે માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડશે. ‘ગ્રિટ’ની ગર્વનિંગ બોડીમાં અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી, ઉપાધ્યક્ષ તરીકે નાણાંમંત્રી અને સભ્યો તરીકે કૃષિ, આરોગ્ય, શિક્ષણ તેમજ ઉદ્યોગ વિભાગના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગર્વનિંગ બોડીના અન્ય સભ્યોમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર, મુખ્ય સચિવ, નાણાં અને આયોજન વિભાગના અધિક મુખ્ય સચિવ કે અગ્ર સચિવ, કૃષિ, નાણાં અને આર્થિક બાબતો, ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને આરોગ્ય-પોષણ, કૌશલ્યવર્ધન અને રોજગાર અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાંથી રાજ્ય સરકાર દ્વારા નોમીનેટ કરવામાં આવે તેવા તજજ્ઞો રહેશે. ‘ગ્રિટ’ની આ ગર્વનિંગ બોડીના સભ્ય સચિવ તરીકે નિવૃત્ત કે સેવારત અધિક મુખ્ય સચિવ કક્ષાના અધિકારી ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર રહેશે. આ ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરની નિમણુંક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

### પ્રતિમા રાખવા માટે કાચની પેટીમાં AC મુકાયુ

## સુરતમાં ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી ગણપતિની પ્રતિમા બનાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૦

ભારતીય તહેવારોમાં અનેક વિવિધતા જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં શિવરાત્રી દરમિયાન સુરત સહિત ભારતના હજારો મંદિરમાં શંકર ભગવાનને ઘીના કમળ ચઢાવવામાં આવતા હોય છે. જેના કારણે ભક્તોએ ઘીમાંથી બનેલા શંકર ભગવાનની પ્રકૃતિ જોઈ છે પરંતુ પહેલીવાર સુરતમાં ગણેશોત્સવમાં ઘીના ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવી છે. સુરતના કોટ વિસ્તારમાં એક ગણેશ આયોજકે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી પ્રતિમા બનાવડાવી છે તેને કાચની પેટીમાં મુકવામાં આવી છે. સુરત શહેરમાં ગણેશોત્સવની દબદબાભેર શરૂઆત થઈ છે અને શહેરમાં હજારોની સંખ્યામાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. સુરત શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરીસ, માટી સહિત અનેક વસ્તુઓમાંથી ગણેશજીની પ્રતિમાનું નિર્માણ કરી તેની પૂજા કરવામાં આવી રહી છે. પરંતુ શહેરના કોટ વિસ્તારમાં આવેલા મંછરપુરા કોલસાવાડમાંમમાં ગણેશ મંડપમાં ગણેશજીની પ્રતિમા માટે એક અનોખો પ્રયોગ કર્યો છે. આ મંછરપુરા યુવક મંડળ દ્વારા આ વર્ષે ઘીમાંથી ગણપતિજીની પ્રતિમાનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો હતો. ગ્રુપના સભ્યોએ વિચાર મૂક્યો ત્યારે ઘીમાંથી શ્રીજીની પ્રતિમા કઈ રીતે બનાવવી અને દસ દિવસની જાળવણી કઈ રીતે કરવી તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ગણેશજીની પ્રતિમાનું મોલ્ડ શોધવામાં આવ્યો હતો. આ મંડળે આ પ્રતિમા બનાવવા માટે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કર્યો હતો. ઘણા દિવસોની મહેનત બાદ કલાકારોએ ઘીની ગણેશજીની પ્રતિમા બનાવી છે તેની સાથે રામલલ્લાની પ્રતિમા પણ બનાવી છે.

### સાપ ઓળખાણ અને સાંપના ડંખ પછીની સંભાળ વિષય ઉપર

## સરકારી વિજ્ઞાન કોલેજ ભિલાડમાં સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૦ :** સપ્તધારા અંતર્ગત ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ, ભીલાડમાં સાપ ઓળખાણ અને સાંપના કાપ સંભાળ વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં કર્તવ્ય એન.જી.ઓ.ના મુખ્ય સ્પીકર નિપુણ પંડ્યા અને એમની ટીમ દ્વારા સાપની ઓળખાણ અને સાંપના મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. સેમિનારનું સંચાલન અને સંકલન યોગેશ હળપતિ દ્વારા કરવામાં આવ્યું હતું અને પૃષ્ઠભૂમિમાં ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ ભિલાડના પ્રિન્સિપલ દીપક ધોબી દ્વારા સહકાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સાંપની વિવિધ જાતિઓની ઓળખાણ, તેમને ઓળખવાની રીતો અને સાંપના ડંખ માટેની યોગ્ય પ્રથમ સહાય પ્રક્રિયાઓ પર ચર્ચા કરવામાં આવી. વૈશ્વિક સ્તરે તાજા સંશોધન અને એન્ટિવેનમના વિકાસ પર પણ વાતચીત કરવામાં આવી. વિદ્યાર્થીઓને સંકટની સ્થિતિમાં સુરક્ષિત નિવારણ અને સારવાર અંગે મૂલ્યવાન માહિતી આપવામાં આવી હતી.

### દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન




### આજનું પંચાગ

**તા.** ૧૧-૦૯-૨૦૨૪, **વારઃ** બુધવાર, **તિથિઃ** આઠમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૯ **ચંદ્રરાશિઃ** વૃશ્ચિક

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

### હિન્દી પખવાડા અંતર્ગત

## દમણમાં હિન્દી દેશભક્તિ ગીત સ્પર્ધાનું સમાપન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ,તા.૧૦:** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના રાજભાષા વિભાગ અને દમણ અને દીવ પ્રશાસન દ્વારા હિન્દી પખવાડિયા અંતર્ગત દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. પબ્લિક સ્કૂલ નાની દમણ ખાતે સવારે ૮:૩૦ કલાકે આ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમના પ્રારંભે સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા નિભાવનાર મદદનીશ નિયામક ડો.અનિલ કૌશિકે પુષ્પગુચ્છ આપી નિર્ણાયકો ગોવિંદ બારોટ, દીપિકા મહેતા, સાર્વજનિક શાળાના આચાર્ય દીપક મિત્રી અને ખજાનચી દિલિપભાઈનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને એડવાન્સ ઈનામ આપ્યું હતું. આ સ્પર્ધા માટે તમામ સ્પર્ધકોને સૂચના. આ પ્રસંગે મદદનીશ નિયામકએ રાજભાષા હિન્દીનું મહત્વ અને હિન્દી પખવાડિયા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવા પાછળના હેતુ વિશે ટૂંકમાં પ્રકાશ પાડ્યો હતો. આ પછી મંચ પર ઉપસ્થિત મહાનુભાવોએ સંયુક્ત રીતે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ દેશભક્તિ ગીત સ્પર્ધા માધ્યમિક વર્ગ, ઉચ્ચતર માધ્યમિક વર્ગ અને શિક્ષકો અને કર્મચારીઓ માટે ત્રણ અલગ-અલગ કેટેગરીમાં યોજવામાં આવી હતી. જેમાં માધ્યમિક વર્ગ, ઉચ્ચતર માધ્યમિક અને શિક્ષકો અને સ્ટાફ વર્ગમાં દમણ જિલ્લાની લગભગ તમામ સરકારી અને બિનસરકારી શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જૂથોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને અનેક હિન્દી દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે, નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન બાદ પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. માધ્યમિક કેટેગરીમાં વાત્સલય શાળા, દમણ પ્રથમ, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ઝારી દ્વિતીય અને સરકારી માધ્યમિક શાળા, ભીમપોર તૃતીય ક્રમે, જ્યારે ઉચ્ચતર માધ્યમિક કેટેગરીમાં પબ્લિક સ્કૂલ દમણ પ્રથમ, માછી મહાજન શાળા દ્વિતીય અને હોલી ટ્રિનિટી સ્કૂલ દ્વિતીય ક્રમે રહી હતી. દમણ ત્રીજા ક્રમે છે.

## કપરાડાના ધારાસભ્યની અધ્યક્ષપણા હેઠળ સદસ્યતા અભિયાન માટે બેઠક મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૧૦:** કપરાડા વિધાનસભાના કાકડકોપરના હોટલ સિલ્વર લીફ વિલેજમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત આયોજિત બેઠકમાં અભિયાનને વધુ વેગવાન બનાવવા માટ્ મહત્વની બેઠક મળી હતી.

આ બેઠકમાં વિકસિત ભારતના નિર્માણ માટે સમર્પિત ભાજપના સદસ્યતા અભિયાનને વધુ અસરકારક બનાવવા તેમજ વધુમાં વધુ લોકોને ભાજપ સાથે જોડવા માટે પ્રેરણા આપી હતી.આ પ્રસંગે કપરાડા તાલુકા પ્રમુખ રમેશભાઈ ગાંવિત, પારડી તાલુકા પ્રમુખ મહેશભાઈ દેસાઈ, વાપી તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કપરાડા હીરાબેન માહલા, સદસ્યતા અભિયાનના સહ ઈન્ચાર્જ જીતેશભાઈ પટેલ, ધનેશભાઈ ચૌધરી સહિત સંગઠનના પદાધિકારી ઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્ય ઓ, મોરચાના પ્રમુખ અને મહામંત્રી તથામોટી સંખ્યામાં અપેક્ષિતો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડની દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટમાં વ્યાખ્યાન તથા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૧૦:** વલસાડમાં ઉચ્ચ શિક્ષણ માટે જાણીતી સ્વ નિર્ભર સંસ્થા દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા માઈક્રોબાયોલોજી વિષયના પ્રથમ વર્ષનાવિદ્યાર્થીઓ માટે ડો. અપર્ણા ટેલરનું "Harnessing the Potential of Microorganisms beyond Nature" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેમણે માઈક્રોઓર્ગેનિઝમ્સ આપણા જીવનના વિવિધ પાસાઓને કઈ રીતે અસર કરે છે, કઈ રીતે આપણા જીવનનેવધુ બહેતર બનાવવા માટેઆપણે માઈક્રોબ્સનો ઉપયોગ કરી શકીએ, માઈક્રોબાયોલોજી વિષયની અગત્યતા જેવી બાબતો ઉપર વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સુંદર માહિતી પ્રદાન કરી હતી. તદ્ઉપરાંત સંસ્થામાં માઈક્રોબાયોલોજી વિષયમાં અભ્યાસ કરતા અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે, માઈક્રોબાયોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાના અનુસંધાનમાં Fancy dress (Scientist/Microbe), Meme making, Skit making, Food Delicacy ચોથી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાઓના સમાપન બાદ વિજેતાઓને સર્ટિફિકેટ તથા મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ કાર્યક્રમનો ખૂબ જ આનંદ માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા MBSI સ્ટુડન્ટ યુનિટના વિદ્યાર્થીઓ તથા તમામ અધ્યાપકોએ ભારે જહમત ઉઠાવી હતી.

## દમણમાં શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારે તેનો ૬૨મો સ્થાપના દિવસ ઉજવ્યો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ,તા.૧૦:** દમણની સૌથી જૂની સંસ્થા શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારે તેનો ૬૨મો સ્થાપના દિવસ ઉત્સાહ સાથે ઉજવ્યો. સૌ પ્રથમ, મોતી દમણ સ્થિત થાણા પારડી સરકારી શાળામાં અમૂલ બ્રાન્ડેડ વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યાં ગરીબ બાળકોને અમૂલ ફૂડ કીટ આપવામાં આવી હતી. કિટમાં રહેલી વસ્તુઓ જોઈ બાળકો ખૂબ જ ખુશ થયા. બાળકોને કીટનું વિતરણ કર્યા બાદ મોદી દમણના વૃદ્ધાશ્રમમાં ગયા હતા અને ત્યાં રહેતા વરિષ્ઠ નાગરિકો સાથે બેસી તેમની ખબર-અંતર પૂછ્યા હતા અને તેમને અમૂલ કીટનું વિતરણ કર્યા બાદ તેમના આશીર્વાદ લીધા હતા. આ પછી બપોરે સંસ્થાની ઓફિસમાં ડાયરેક્ટર અને કર્મચારીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં સૌએ સાથે બેસીને આનંદમય વાતાવરણમાં ભોજન લીધું હતું અને સંસ્થાને વધુ ઉંચાઈએ લઈ જવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. અંતમાં સંસ્થાના અધ્યક્ષ હિરેન જોષીએ સૌનો આભાર માન્યો હતો અને સરકાર દરેકનો સાથ સહકાર આપતી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## સેગવીમાં ગણપતિ બાપાના વસ્ત્રો અને આભૂષણો પહેરાવીને શણગારેલા ગણપતિ દાદા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી,તા.૧૦:** વલસાડ નજીકના સેગવી ગામના વડ ફળિયા ખાતે નવચેતન યુવક મંડળ દ્વારા ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવી છે જેમાં એબી ફેશન ડિઝાઈનર દ્વારા બાપાના સુંદર વસ્ત્રો પાઘડી ધોતી તથા આભૂષણો પહેરાવીને ભીખુભાઈ પટેલે સરસ રીતે શણગાર કરવામાં આવ્યો છે જેના દર્શન કરી ભાવિક ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે.

## વલસાડમાં જિલ્લા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન અંગે કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૧૦:** વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને, પ્રદેશ મિડિયા કન્વીનર અને સદસ્યતા અભિયાનના સંયોજક યગ્નેશભાઈ દવે, સદસ્યતા અભિયાનના દક્ષિણ ઝોન સંયોજક કિશોરભાઈ બીન્દલની વિષેશ ઉપસ્તીથીમાં શક્તિ કેન્દ્ર સદસ્યતા સહિયોગી બેઠકનું આયોજન વલસાડ ના પારનેરા પારડી હાઈવે પર આવેલા શ્રી ચંદ્રમોલિશ્વર મહાદેવજી મંદિરમાં કરવામાં આવ્યું હતું.

બેઠકમાં વલસાડ જિલ્લા ભાજપ અધ્યક્ષ હેમંતભાઈ કંસારા એ સદસ્યતા અભિયાનમાં જિલ્લામાં કુલ ત્રણ લાખ સદસ્યો બનવવાના લક્ષ્યને સમય મર્યાદા માં પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું તેમજ દરેક બુથ લેવલ સુધી અસરકારક કામગીરી કરવા સૂચનો કર્યા હતા. દક્ષિણ ગુજરાત સદસ્યતા અભિયાનના સંયોજક કિશોરભાઈ બિનદલે બેઠકમાં ઉપસ્થિત તમામ લોકોને સદસ્યતા અભિયાન અંગે ઝીણવટભરી માહિતીઓ આપી વલસાડ જિલ્લા સહિત ગુજરાતના લક્ષ્યને પરિપૂર્ણ કરવા પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રી સી.આર.પાટીલની સૂચના અને માર્ગદર્શન મુજબ કાર્યકરોને સદસ્યતા અભિયાનમાં સહયોગી બની કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ભાજપ મીડિયા વિભાગના પ્રદેશ કન્વીનર અને સદસ્યતા અભિયાનના સંયોજક યજ્ઞેશભાઈ દવે એ સદસ્યતા અભિયાન અંગે ટેકનિકલ એનાલિસિસ સાથે ઉપસ્થિત હોદ્દેદારો, કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી ગુજરાત સહિત જિલ્લાના સદસ્યતા અભિયાનના લક્ષ્યને પરિપૂર્ણ કરવા વિગતવાર માહિતીઓ પૂરી પાડી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## કપરાડા તાલુકા કક્ષાના ૭૫માં વન મહોત્સવની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**કપરાડા.તા ૧૦:** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મોટાપોટા શાહ જીએમડી સાર્વજનિક હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષાના ૭૫માં વન મહોત્સવની ઉજવણી ''એક પેડ મા કે નામ'' અભિયાન હેઠળ પૂર્વ મંત્રી ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં ''એક પેડ મા કે નામ'' અભિયાન હેઠળ મુખ્ય અતિથિ પૂર્વ મંત્રી અને કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા વૃક્ષારોપણ કરી દ્વારા વૃક્ષ રથને લીલીઝંડી આપી રવાના કર્યો હતો અને રોપા વિતરણ પણ કર્યું હતું.

કાર્યક્રમમાં પૂર્વ મંત્રી અને કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે કપરાડામાં વર્ષો પહેલા ગાંઢ જંગલો હતા. વરસાદ પણ સારો પડતો જંગલ ઓછા થવાથી ધીરેધીરે વરસાદ ઓછો થયો છે. વૃક્ષો વાવો આપણી ફરજ છે કે આપણી નવી પેઢીને વૃક્ષોની મહત્તા સમજાવી જોઈએ.કોરોના કાળમાં ઓક્સિજનની અછત થઈ હતી. માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા કારણ કે વૃક્ષો વધુ ઓક્સિજનનું ઉત્સર્જન કરે છે. વૃક્ષારોપણની સાથે સાથે વૃક્ષોનું જતન પણ સારી રીતે કરવામાં એ આપણી બધાની જવાબદારી છે. વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે વન વિભાગના કર્મચારીઓ ગ્રામજનો શિક્ષકો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સ્ટેમ્પ ડ્યુટીની રકમ ના ભરી હોય તેવા

## નવસારીમાં મિલકત ધારકોને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવા નોટીસ અપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી,તા.૧૦:** નવસારી જિલ્લાના નવસારી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ - ૧૯૮૫ તથા ત્યારબાદ ના એક લાખથી વધુ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રકમના ભરવાને કારણે અત્રોની કચેરીમાં અસલ દસ્તાવેજો પેન્ડીંગ હોઈ, સ્ટેમ્પ ડ્યુટીની રકમ ના ભરી હોય તેવા મિલકત ધારકોને ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવા ૧૯ બાકીદારોને નોટીસ આપવામાં આવી છે.

જમીન મહેસૂલ કાયદા હેઠળ અને અન્ય નોટીસો વારંવાર આપવા છતાં પક્ષકારોએ રકમ ભરવા દરકાર લીધી ન હતી. જેથી પક્ષકારોએ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી, નિયત વ્યાજ, સરચાર્જ મળી જે રકમ થાય તે રકમ ભરપાઈ કરવા જણાવવામાં આવ્યુ છે. અન્યથા જમીન મહેસુલ સંહિતા-૧૮૭૯ ની કલમ-૧૫૨, ૧૫૪, મુજબ સ્થાવર જંગમ મિલકત ટાંચમાં લઈ જાહેર હરાજીથી સ્ટેમ્પ ડ્યુટીની રકમ વસૂલા કરવામાં આવશે, કલમ-૧૫૫ મુજબ સ્થાવર મિલકત ટાંચમાં લઈ જાહેર હરાજીથી સ્ટેમ્પ ડ્યુટીની રકમ વસૂલ કરવામાં આવશે તથા કલમ-૧૫૭ અન્વયે બાકી દેણદારની ગીરફતારી અને અટકાયત કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ નવસારી નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્રની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સેલવાસમાં હિન્દી પખવાડા અંતર્ગત હિન્દી શ્રુતલેખન સ્પર્ધા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ,તા.૧૦:** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસનના રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડિયા અંતર્ગત પોલીસ હેડક્વાર્ટરના ઓડિટોરિયમ ખાતે પોલીસ વિભાગ ભારતીય અનામત બટાલિયન અને વન વિભાગના કર્મચારીઓ માટે હિન્દી શ્રુતલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં હિન્દી મદદનીશ ડો.અનીતા કુમારે તેમના સ્વાગત પ્રવચનમાં રાજભાષા હિન્દી વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા અને હિન્દી પખવાડા હેઠળ આયોજિત હિન્દી સ્પર્ધાઓ વિશે માહિતી આપી હતી. આ પછી કાર્યક્રમના મુખ્ય મહેમાન સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર સચિન યાદવનું ફૂલોના ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર સચિન યાદવે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું હતું કે ''હિન્દી ભાષા સરળ અને સરળ ભાષા છે. સરકારી કામકાજમાં હિન્દીનો વધુને વધુ ઉપયોગ કરીએ તેને આપણે આપણી જવાબદારી સમજવી જોઈએ. તેમણે તમામ સ્પર્ધકોને અભિનંદન આપતા કહ્યું કે આશા છે કે તમે બધા આ સ્પર્ધામાં ભાગ લેશો. આ સ્પર્ધામાં ભાગ લેવાથી તમે ઘણું શીખી શકશો અને હિન્દીના મહત્વ વિશે પણ માહિતી મેળવી શકશો. આ પછી તેમણે તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં પોલીસ વિભાગ, ભારતીય અનામત બટાલિયન અને વન વિભાગના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## નવસારી તથા ડાંગ જિલ્લામાં તા.૧૪ સપ્ટેમ્બરે નનેશનલ લોકઅદાલતનું આયોજન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી,તા.૧૦:** ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારીના નેજા હેઠળની કચેરીઓ તાલુકા કાનૂની સેવા સમિતિ, નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા અને ડાંગ જિલ્લાના આહવા, સુબીર તથા વઘઈ ખાતે કાર્યરત ન્યાયાલય સંકુલની તમામ કોર્ટો દ્વારા આગામી તા.૧૪ સપ્ટેમ્બર-૨૦૨૪ના શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નેશનલ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીયેબલ કેસો, ઈલેકટ્રીસીટી કેસો, નાણાંની વસુલાતના કેસો, વાહન અકસ્માતના વળતરના કેસો, લેબર તકરારના કેસો, ઈલેકટ્રીસીટી તથા વોટરબીલને લગતાં કેસો, લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃત્તિના લાભોને લગતાં કેસો, મહેસુલોને લગતા કેસો, અન્ય સિવિલ કેસો જેવાં કે (ભાડા, સુખાધિકારના અધિકાર, મનાઈ હુકમ, વિશિષ્ટ પાલનના દાવા વિગેરેના કેસો) તથા પ્રિ-લીટીગેશન ઉપરાંત ખોરાકીના કેસો મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી તથા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવાયું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી ફોન નંબર (૦૨૬૩૭) ૨૪૩૬૮૯, તાલુકા કાનુની સેવા સમિતિ, નવસારી (૦૨૬૩૭) ૨૪૫૪૯૪, તાલુકા કાનૂની સેવા સમિતિ ગણદેવી (૦૨૬૩૪) ૨૬૨૪૪૮, તાલુકા કાનૂની સેવા સમિતિ ચીખલી (૦૨૬૩૪) ૨૩૨૨૧૩, તાલુકા કાનૂની સેવા સમિતિ ખેરગામ (૦૨૬૩૪) ૨૨૧૪૧૩, તાલુકા કાનૂની સેવા સમિતિ વાંસદા (૦૨૬૩૦) ૨૨૨૩૨૮, તાલુકા કાનૂની સેવા સમિતિ વઘઈ (૦૨૬૩૧) ૨૪૬૫૪૦, તાલુકા કાનૂની સેવા સમિતિ આહવા (૦૨૬૩૧) ૨૨૦૨૮૬, તાલુકા કાનૂની સેવા સમિતિ સુબીર-(૯૪૨૬૫૭૨૬૦૪) પર સંપર્ક સાધવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચીખલી તાલુકા કોળી પટેલ સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલીતા.૧૦:** ચીખલી કોળી પટેલ સમાજ મંડળ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા ૧૬૭ જેટલા યુવક યુવતીઓને સન્માનિત કરાયા વિશિષ્ટ લાયકાત ધરાવતા બે વ્યક્તિનું વિશેષ સન્માન કરાયું.

ચીખલી તાલુકા કોળી પટેલ સમાજ મંડળ દ્વારા સમાજના યુવક યુવતીઓમાં શિક્ષણનો વધુ ફેલાવો થાય તે આશયથી સમાજ દ્વારા કોળી સમાજ વાડી ખાતે રાજ્ય સરકારના માજી મંત્રી કરસનભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે યોજાયેલા આ સન્માન સમારંભમાં ૧૬૭ જેટલા યુવક યુવતીઓનું જે ઓએ શિક્ષણ ક્ષેત્રે ઝળહળથી સફળતા પ્રાપ્ત કરી હોય તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમારંભના પ્રમુખ કરશનભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે ઘણીવાર કેટલાક પરિવારોની આર્થિક સ્થિતિ નાજુક હોય છે તેવા સમયે સમાજનો સંપર્ક કરી જરૂરીયાતમંદ વિદ્યાર્થી ઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સમાજના આગેવાનોને જણાવ્યું હતું તેમજ પોતે પણ મદદરૂપ થવાની ખાતરી આપી હતી આ પ્રસંગે મુખ્ય મહેમાન જે.સી પટેલ અને અતિથી વિશેષ મહિલા પીએસઆઈ દીપિકાબેન નીલમભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા છે જેઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા સમારંભને સફળ બનાવવા માટે કોળી પટેલ સમાજના પ્રમુખ સમીરભાઈ પટેલ તેમજ કારોબારીના સભ્યો અને સમાજના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી.તા ૧૦:** વાપીની નામાંકિત શાળા જે વર્ષો થી માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહીં પરંતુ ઈતર પ્રવૃત્તિઓમાં પણ આગળ છે એવી શ્રી એલ.જી.હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીએ મહારાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા આયોજિત ૨૧મા આંતર સ્કુલ રંગોળી પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો આ પ્રતિયોગિતામાં વાપીના ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને એમાં વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાનો ધોરણ આઠનો વિદ્યાર્થી રોહન ભારદ્વાજ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળા ના મેનેજમેન્ટ અને આચાર્યા શ્રીમતી બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થી અને એમની માર્ગદર્શક શિક્ષકો મિતુલ પટેલ અને રંગેશ કંસારા ને અભિનંદન પાઠવ્યા.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

# કુદરતના વિરાટરૂપ આગળ માનવી વામન!

## લોકોના ઘરોમાં વરસાદી પાણી અને રાજકારણીઓ પર્દાબીબી! વરસાદે તમામ માર્ગોનું અસ્તિત્વ ભૂસી નાખ્યું જુનો પુલ તોડ્યા પછી વાપી પર ટ્રાફિક જામની સાડા સાતી પનોતી : વાપી પાલિકાના માર્ગો ની પાયમાલી સામે કોંગ્રેસીઓ વિફર્યા કહ્યું,



વાપીમાં ચાલુ મોસમમાં વરસાદે સેન્ચ્યુરી વટાવી દીધી છે અને આંકડો ૧૧૫ ઈંચ ઉપર પહોંચી ગયો છે. અમે અમારા ગયા સપ્તાહના લેખમાં જણાવેલું એમ આ વર્ષે વરસાદે આખા ગુજરાતના નાના-મોટા શહેરો અને ગામડાઓને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવી દીધાં છે. અને માનવી આ કુદરતી આફત સામે કેટલો વામન છે તે દેખાડી દીધું છે.

વરસાદની આ રેલમછેલ દરમિયાન લોકોએ ભોગવેલી પારાવાર હલાકી દરમિયાન છાસવારે 'ભારત માતાકી જય' પુકારતા જન પ્રતિનિધિઓ અને મંત્રીઓ પર્દાબીબી બની રહ્યાનો કડવો અનુભવ પણ આમ પ્રજાને થઈ ગયો.

આ વ્યાપક વરસાદને કારણે માર્ગો પછી તે નેશનલ હાઈવે ઓથોરિટીના હોય, સ્ટેટ હાઈવેના હોય, મેજર ડીસ્ટ્રીક રોડ હોય, જિલ્લા પંચાયત હસ્તકના રોડ હોય, મહાનગરપાલિકાના રોડ હોય કે નગરપાલિકાઓના રોડ હોય. આભ ફાટ્યું હોય એમ તમામ તંત્રોના માર્ગોએ પોતાની ઓળખ સાવ ગુમાવી દીધી ! માર્ગોની અવદશાએ તેના નિર્માણમાં થયેલા ભ્રષ્ટાચારની દુર્ગંધ પણ પ્રજાને આવી કહેવાય.

### જિલ્લાના રાષ્ટ્રીય ધોરી માર્ગે વધુ એક નિર્દોષનો ભોગ લીધો તંત્ર ક્યારેય જાગશે?

નેશનલ હાઈવે નંબર ૪૮ના તંત્રવાહકોની વાપરવાહીના કારણે હાઈર્વે ઉપર પડેલા ખાડાઓએ ઘણાની ઠાઠડી કાઢી છે. છતાં હાઈવેના કારભારીઓ સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં હોવાનું જણાય છે.

તા. ૮-૯-૨૪ના દિને પારડીથી દ્વિચક્રી વાહન પર વલસાડ જઈ રહેલ દંપતીના વાહનને બેફામ દોડતા ડમ્પરે ટક્કર મારતા અનિતાબેન ભંડારીનું કરુણ મોત નીપજ્યું હતું. કાયમ બને છે એમ ડેમ્પરનો ચાલક અકસ્માત ભાગી ગયો હતો. આ અકસ્માતમાં દ્વિચક્રી વાહન ચાલક દેવેન્દ્રભાઈ ભંડારીનો ચમત્કારિક બચાવો થયો હતો. આ ચોમાસામાં નેશનલ હાઈવેમાં પડેલા ખાડાઓએ ઘણાને સ્મશાન ભેગાં કરી દીધેલા હોવા છતાં જવાબદાર સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવતા ન હોય, સંબંધિત અધિકારીઓ વધુ બેદરકાર બની રહ્યા છે. જિલ્લા કલેક્ટર નૈમેશ દવેએ હાઈવે ઓથોરિટી સામે ત્રીજું લોચન ખોલવાનો સમય આવી ગયો છે. જિલ્લા સંકલન સમિતિની બેઠક પરિણામલક્ષી બને એ જોવાનું કામ જિલ્લા કલેકટરનું બની રહે છે.

વાપીની વાત કરીએ તો જ્યારથી પૂર્વ પશ્ચિમ વચ્ચેના એકમાત્ર ૨૫ વર્ષ જુના રેલવે ઓવરબ્રીજને તોડી પાડવામાં આવ્યો ત્યારથી એટલે કે છેલ્લા બે વર્ષથી વાપી ઉપર જાણે સાડા સાતીની પનોતી બેઠેલી છે. વાપીના સાંકડા માર્ગો બેસુમાર વાહનો અને પૂર્વ પશ્ચિમ વચ્ચેની અવરજવર માટે અન્ય કોઈ અપેક્ષિત વિકલ્પ ન હોવાના કારણે વાપી ટ્રાફિકજામ બાબતમાં એક બિહામણું નગર બની ગયેલું છે. ટ્રાફિકજામનું વિષચક્ર જાણે ઓછું હોય એમ વાપી નગરના શહેર બાંધકામ ખાતા હસ્તકના અને નગરપાલિકા હસ્તકના માગોનું મોસમના વરસાદના મોત થઈ ગયું. વાપીના માર્ગોના બે ધણી છે. એક શહેર બાંધકામ ખાતું અને બીજું, નગરપાલિકા. બંને તંત્રો પોતપોતાના બહાના માટે એકબીજા પર કાર્યક્ષેત્ર બાબતમાં ખો મારતા રહે છે. નગરમાં હમણાં જે જૂના પૂલના સ્થળે રૂા. ૧૪૪.૨૦ કરોડના ખર્ચે નવો ફોરલેન રેલવે ઓવરબ્રિજ બનનાર છે તેની નીચેના બે સર્વિસ રોડ જાહેર બાંધકામ ખાતા હસ્તક આવે છે. આ રોડ્સ વાપી પાલિકાના કાર્ય ક્ષેત્રમાંથી પસાર થાય છે. વાપી પાલિકાની જવાબદારી ફક્ત આ સર્વિસ રોડની બાજુમાંથી પસાર થતી પીવાના પાણીની લાઈન પૂરતી જ હોય છે. એટલે બાકીનો હિસ્સો વાહનચાલકો અને રાહદારીઓને રાત દિવસ ત્રાસ આપતો હોવા છતાં નગરપાલિકાના કારભારીઓના પેટનું પાણી હાલતું નથી. આમ પણ પાલિકાની નવી બોડીની કામકાજની સ્લેટ હજુ કોરી જ હોવાનું જણાય છે.

**દમણગંગાના તીરેથી**



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

આનો આંખ ખોલી નાખનારો દાખલો આ સાથેની તસવીર પૂરી પાડે છે. આ તસવીર અમે તા. ૮-૯- ૨૦૨૪ના દિને લીધી છે. અમારા આઝાદનગર વાપીના નિવાસસ્થાન અને અહીંના આદર્શધામ બિલ્ડીંગની સામેના જાહેર બાંધકામ ખાતા હસ્તકના બે સર્વિસ રોડ વચ્ચે પેવર બ્લોક પાથરવા ખોદેલા ડામરનો ઢગ દેખાય છે. ડાબી તરફ પેવર બ્લોકવાળા રોડે પાણીમાં ડૂબકી મારી હોવાનું પણ દેખાય છે. જમણી તરફના સર્વિસ રોડની હાલત પણ બહુ બૂરી બની રહેલી છે. રાહદારી માટેની અગાઉની ફૂટપાથોનું તો ક્યારનું દેહાવસાન થઈ ગયેલું છે.

આપણી પાસે પઠાણી ઢબે ટોલટેક્સ ઉઘરાવતા નેશનલ હાઈવે ઓથોરિટીના તંત્ર હસ્તકના માર્ગો પણ થૂ થૂ કરવા જેવા બની રહેલા છે. આ માર્ગો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ તરીકે ઓળખાય છે. દેશની લાઈફ લાઈન ગણાતા આ નેશનલ હાઈવેના સ્થાનિક લાપરવા તંત્રવાહકોને વરસાદને કારણે હાઈવે પર પડી ગયેલા ઊંડા ખાડાઓ જોવાની જાણે લેશમાત્ર ફુરસદ નથી. હાઈવે પર ખાડામાં પડી ભલે વાહન ચાલકો મરતાં કે ખાડાના કારણે વાહનોના ટાયરો ફાટતાં અકસ્માતો થાય. છતાં સંવેદનહિન નેશનલ હાઈવે ઓથોરિટીને જરાય પડી નથી હોતી.

વલસાડ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ભીલાડથી સુરત સુધી ખાડાઓને કારણે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયેલા છે.

વલસાડ જિલ્લા કલેક્ટર દ્વારા દર મહિને સંકલન સમિતિની બેઠક યોજવામાં આવે છે. આ બેઠકમાં જિલ્લા કક્ષાના તમામ ખાતાઓના વડાઓ અને લોક પ્રતિનિધિઓ (સાંસદ, ધારાસભ્યો) પણ ઉપસ્થિત રહેતાં હોય છે. આ પ્રજાના પ્રતિનિધિઓ સંકલન સમિતિની બેઠકમાં પ્રજાને કનડતી વિવિધ સમસ્યાઓ રજૂ કરતાં હોય છે. પરંતુ પરિણામ મોટા મીંડા જેવું આવતાં બધું ખાધુંપીધુંને રાજ કર્યું જેવું બની રહેતું હોય છે.

લગભગ દોઢ અબજ રૂપિયાના ખર્ચે બનનાર વાપીના રેલવે ઓવરબ્રીજનું કામ પણ મંડાણે પડેલી ભેંસ જેવું બની રહેલ છે. આટલા મોટા ખર્ચે બનનાર પુલના બાંધકામનો ધમધમાટ છેલ્લા ૮ મહિનાથી ક્યાંય દેખાતો નથી. વાપીનગરની બદસૂરતી માટે જવાબદાર એવા આ પુલના કામને લકવો કેમ મરી ગયો? એ કોઈ કહેતું નથી.

હાલમાં જ વાપી નગરપાલિકાના માર્ગોની બેહાલી બાબતમાં સ્થાનિક કોંગ્રેસીઓએ વિરોધ પ્રદર્શન કરી પાલિકાને એવી ચીમકી આપી હતી કે દસ દિવસમાં બિસ્માર માર્ગોને દૂરસ્તી નહીં કરાય તો અન્ય આકરા પગલાં લેવામાં આવશે. વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ નિમેશ વશી, જિલ્લા કોંગ્રેસના જનરલ સેક્રેટરી ફરહાન બોગા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રમેશ પટેલ વગેરેએ ભેગા થઈ પાલિકાના ઈજનેર રામચંદ્ર દેસાઈને આવેદનપત્ર આપી નકામા બની ગયેલા માર્ગ ઉપર નાળિયેર ફોડી ફૂલો વેરી વિરોધ વ્યક્ત કર્યો હતો.

વાપીમાં માર્ગોની મોંકાણ આજની નથી. વર્ષો જૂની છે. ટકાઉ માર્ગો વાપીને ક્યારેય નસીબ થયા નથી. વાપીમાં લોકોના ઘરના નેવના પાણી પણ જાહેર માર્ગો ઉપર પડે એવી રીતે પાઈપ નાંખવામાં આવતા હોય છે. જે રસ્તાની હાલત વધુ ખરાબ કરે છે. બીજી વાત વાપીમાં કોઈપણ માર્ગ ઉપર વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નથી એટલે નબળા કામનો ડામર વરસાદની નાની સરખી થાપટમાં જ ધોવાઈ જતો હોય છે. કોંક્રીટના રોડના એક વિકલ્પ છે. જો પૂરી જવાબદારી અને પ્રમાણિકતા સાથે કોંક્રીટના રોડ બનાવાય તો તેને વર્ષો સુધી ઉની આંચ આવતી નથી. નિષ્ણાંતોના મતે ૪૦ વર્ષ સુધી કોંક્રીટના માર્ગોની જાળવણીની પાછળ ખર્ચ નથી થતો. કોંક્રીટનો રોડ બનાવવા શરૂઆતમાં ખર્ચ વધુ થાય પરંતુ તેના ટકાઉપણાને કારણે તે સસ્તો પડતો હોય છે. કમનસીબી એ જ કે, આજે તો માર્ગો અને પહેલાનાં કામોમાં ઘાલમેલ એટલી બધી થાય છે કે, કોંક્રીટના રોડ મજાક બની રહેતા હોય છે અને પુલો તો લોકાર્પણ પહેલાં જળ સમાધિ લઈ લે છે. 'હું ખાતો નથી ને ખાવા દેતો નથી'ની વાતના જે તે કામના ઠેકેદારો લીરેલીરા ઉડાડી રહ્યા છે.

તા. ૫-૯-૨૪ના દિને સાંજે અમારે કારમાં પૂર્વથી ફાટક ક્રોસ કરી જીઆઈડીસી ગુંજન વિસ્તારમાં જવાનું થયું ત્યારે વાપીના માથાના ભારે દુઃખાવા જેવા ટ્રાફિકનો અનુભવ થયો. વાપી આઝાદ નગરથી રેલવે ક્રોસિંગ તરફ વળતાં જ અડધો કલાક થયો. રેલવે ફાટક બંધ મળતા ફરી તપસ્યા. ફાટક ખુલ્યો અને જરા આગળ વધ્યાં ત્યાં ફરી ફાટક બંધ. કલાક ફાટક પર જ વેડફાયો. ગુંજન તરફ પણ રસ્તાની બંને તરફ બેફામ પાર્કિંગ. કહેવાનો ભાવાર્થ એ જ કે, વાપી હવે રહેવા લાયક રહ્યું નથી. સાચું કહીએ તો દાદરા નગર હવેલીના લોકો પણ હવે વાપી આવવાનું ટાળે છે. તેઓ માને છે કે વાપીના ટ્રાફિકને ભેદવાની વાત મોટી સજા જેવી છે.

ટ્રાફિકના નિયમન માટે પોલીસ કાર્યરત છે પરંતુ ટ્રાફિકના અસહ્ય ભારણને સંભાળવાનું પોલીસની શક્તિ બહારનું બની રહે છે. તા. ૨૦-૧૨-૨૨ની મધ્યરાત્રીથી વાપીના જુના રેલ્વે ઓવરબ્રીજ ઉપર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકાયેલો. એ પછી નગરમાં ટ્રાફિકજામની હોળી ભડભડ બળતી રહી છે. આશા રાખીએ વાપી વાસીઓને દઝાડતી આ હોળી આપણા નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના મંત્રી કનુભાઈ દેસાઈ ઠારશે.





# ગણેશોત્સવનો પ્રારંભ સમર્થ સ્વામી રામદાસે કર્યો હતો !

## પ્રચલિત સાર્વજનિક ગણેશઉત્સવ પહેલાં શ્રી સમર્થ રામદાસ સ્વામિએ આ ઉત્સવની શરૂઆત કર્યાની નોંધ ઈતિહાસમાં મળે છે. સુખકર્તા દુઃખહર્તા.... પ્રચલિત ગણપતિ આરતી સંપર્ણ મહારાષ્ટ્રમાં ગવાય છે. આ આરતી સમર્થ રામદાસ સ્વામીએ રચેલી છે.

**ભાગ : ૧**

**રામદાસસ્વામી અને શિવાજીમહારાજનો ગણેશોત્સવ**

સમર્થ રામદાસ સુન્દરમઠ નામની જગ્યામાં રહી દાસબોધ ગ્રંથની રચના કરી રહ્યા હતા. આ વાસ્તવયને દસ વર્ષ પૂર્ણ થયા ત્યારે ૧૬૫૮ ની સાલમાં સમર્થ નાશિકમાં ભરાયેલા કુંભમેળામાં જવા માટે સુન્દરમઠ થી નીકળ્યા. સુન્દરમઠમાં હતા ત્યારેજ તેમને અફઝલખાન નામનું વિઘ્ન મહારાષ્ટ્ર પર આવી રહ્યું છે તેની જાણ થયી. સમગ્ર મહારાષ્ટ્રમાં સંચાર કરતા સ્વામીના શિષ્યો દ્વારા પણ આ વાત એમના સુધી વારંવાર પહોંચતી હતી. મહારાષ્ટ્રમાં રહેલ અષ્ટવિનાયક પૈકીના પ્રથમ ગણપતિ વક્રતુંડ ગણેશની સન્મુખ સ્વામી રામદાસ આ આરતી પ્રાર્થના રૂપે ગાઈને અફઝલખાનનું વિઘ્ન દૂર કરવા વિનંતી કરે છે.

આ સુન્દરમઠ છત્રપતિ શિવાજીના સમયમાં શિવધર પ્રાંત તરીકે ઓળખાતું. આજ સ્થાન પર સન ૧૬૭૪માં છત્રપતિ શિવાજી મહારાજ અને રામદાસ સ્વામીએ મળીને ભાદ્રપદ શુક્લ ચતુર્થી તે માઘ શુક્લ ચોથ ગણેશ જયંતિ પર્યન્ત પાંચ મહિના ઉજવ્યો. આ ગણેશ ઉત્સવ હિન્દવી સ્વરાજ્યના સંસ્થપાક છત્રપતિ શિવાજી મહારાજના ગણપતિ ઉત્સવ તરીકે ઓળખાયો. ઉત્સવનો સંપૂર્ણ ખર્ચ શિવાજી મહારાજ દ્વારા થયેલો. એ વર્ષોમાં ૧૨૧ ખંડી ધાન્ય દાન આપવામાં આવ્યું હોવાની નોંધ મળે છે.

જયારે શિવાજી મહારાજ ઉત્સવમાં દર્શન માટે સુન્દરમઠ પધાર્યા ત્યારે રામદાસ સ્વામીએ તેમને ૧૮ અલગ અલગ પ્રકારના શસ્ત્રો પ્રસાદરૂપે ભેટમાં આપવામાં આવ્યા હતા. મહારાજે રામદાસસ્વામી ને સફેદ ઘોડો ભેટ માં આપ્યો હતો. સમર્થ અહીં શિવાજી મહારાજના રાજ્યભિષેક સુધી એટલે ૧૬૭૪ સુધી રહ્યા. ૧૬૭૫ માં તેઓ સજ્જનગઢ નિવાસ માટે નીકળ્યા. આજ ગણેશ ઉત્સવ એ પહેલો ગણેશ ઉત્સવ જે સ્વરાજ્ય નિર્માણ પછી શિવાજી મહારાજ અને રામદાસ સ્વામી એ શરુ કર્યા ની નોંધ છે.

**ચિત્તપાવન ભટ્ટ પેશવાઓ અને ગણેશ ઉત્સવ**

/શિવાજીમહારાજના સમયમાં થયેલા મોટા ગણેશોત્સવ બાદ શિવાજી પછી મરાઠા સામ્રાજ્યની હાલત કથળતાં બીજા કોઈ મોટા ગણેશોત્સવની નોંધ મળતી નથી. ત્યારબાદ શિવાજીના પૌત્ર છત્રપતિ સાહુના પેશ્વા તરીકે જે ચિતપાવન ભટ્ટ કુટુંબના બાલાજી વિશ્વનાથ નિમાયા તે ભટ્ટ કુટુંબ ગણેશ ઉપાસક હતું, અને એ કુટુંબમાં ગણેશ સ્થાપના થતી. બાલાજી વિશ્વનાથના દીકરા બાજીરાવ પ્રથમે જયારે મરાઠા સામ્રાજ્યને ભારતભરમાં ફેલાવ્યું ત્યારે ૧૭૩૦ આસપાસ ગણેશ ઉત્સવનું સ્વરૂપ પણ પેશવાઈમાં મોટું થતું ગયું.

શ્રીમંત પેશ્વા સરકાર ગણપતિના ઉપાસક હતા. તેથી, એમના સમયમાં ગણેશોત્સવ ભવ્ય સ્વરૂપ લેવા લાગ્યો. શ્રીમંત સવાઈ માધવરાવના સહયોગથી શનિવારવાડાના ગણેશ મહેલમાં ખૂબ જ ભવ્ય રીતે ગણપતિ ઉત્સવની શરૂઆત થઈ. તે સમયે આ ઉત્સવ છ દિવસ ચાલતો હતો. સમયમાં સરકારી તામજામ સાથે શ્રી ઓમકારેશ્વરના ઘાટ પર નદીમાં ગણપતિ વિસર્જન કરવામાં આવતું. એ જ રીતે સરદાર પટવર્ધન, દીક્ષિત. મુજુમદાર વગેરે જેવા કેટલાક સરદાર પરિવારોમાં પણ શાહી થાટ સાથે ગણેશોત્સવ ઉજવાતો. આ મહોત્સવમાં કીર્તન ઉપદેશ, મંત્રજાગર, ગાન વગેરે કાર્યક્રમો યોજાયા હતા. પેશવાઓ ગયા હોવા છતાં, ખાનગી ઉજવણીની આ પ્રથા હજુ પણ ઘણા પરિવારોમાં ચાલુ છે.

પેશ્વા બાજીરાવ પ્રથમના પૌત્ર માધવરાવના સમયમાં પેશવાઓના મહેલ શનિવાર વાડામાં સૌથી મોટો ગણેશોત્સવ શરૂ થયો. પેશ્વા મહેલમાં છેલ્લો ગણેશોત્સવ ૧૮૧૫ માં યોજાયો, કારણકે ૧૮૧૮ માં પેશ્વા બાજીરાવ દ્વિતીયની અંગ્રેજો સામે હાર થતાં જ ગણેશ ઉત્સવ બંધ થઈ ગયો. ૧૮૧૮ માં અંગ્રેજોએ શનિવાર વાડામાંથી એક મોટી સોનાની મૂર્તિ કાઢી જેની આંખો મોતીની હતી, અને તેના પર ઠેર ઠેર માણેક જડેલા હતા. કહેવાય છે તે સમયે તે મૂર્તિની કિંમત ૫૦,૦૦૦/- પાઉન્ડની હતી. ૧૮૧૫ થી ૧૮૯૩ સુધી મુંબઈ - પુણેમાં ગણેશોત્સવ સંપૂર્ણપણે બંધ રહ્યો.

આ પરથી કહી શકાય કે ગણેશોત્સવનું સ્વરૂપ સરદારો. રાજાઓ કે મોટા રાજકુમારો પૂરતું સીમિત હતું. આ મોટી સંસ્થાઓમાં જયારે ગણેશોત્સવ ઉજવવામાં આવતો હતો ત્યારે સામાન્ય લોકો પણ તેમાં ભાગ લેતા હતા. વાસ્તવમાં.

> એવું કહેવાય છે કે ૧૮૯૩ માં પુણેમાં ત્રણ સાર્વજનિક ગણેશની સ્થાપના કરવામાં આવી હતી અને શેરીઓમાં આ ગણેશની ઔપચારિક શોભાયાત્રા શરૂ થઈ હતી. આ ગણપતિ દસ દિવસના હતા કે કેમ તે અંગે મતમતાંતર હશે. જોકે, ૧૮૯૩માં આ ગણેશોત્સવ ઉજવાયો તેવી નોંધ ઈતિહાસમાં મળે છે.

તે પૂજા. દાન અને ઉપાસના સુધી મર્યાદિત હોવું જોઈએ. તેથી આ ગણેશોત્સવને સાર્વજનિક કહેવો કે કેમ તે અંગે શંકા છે. આ ગણેશોત્સવનો ઉદ્દેશ્ય સાર્વજનિક નહિ પરંતુ દરબારી શાહી ધામધૂમથી ઉજવવામાં આવેલો હતો. એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. પેશવાઈ પછી પુણેથી સમગ્ર ભારતમાં ગણેશોત્સવ ફેલાઈ ગયો હોવાના સંકેતો છે. આ કેવો ઉત્સવ હતો તે ચિ. કેલકર દ્વારા લખાયેલ તેઓ લખે છે. જૂના સમયમાં રાજમહેલો ઉજવણી કરતા હતા, પછી તહેવાર દસ દિવસ સુધી ચાલતો હતો, મહેલોને સફેદ રંગથી શણગારવામાં આવતા હતા, હાથી. ઘોડા, સૈનિકો અને પ્યાદાઓ સરઘસ સાથે આવતા હતા અને મંડપમાં ગાયન, વાદન, કીર્તન થતા. દાન દક્ષિણ,ભેટ અપાતાં.

તે પણ જાણીતું છે કે ગણપતિ પૂજન હિંદુ સમાજની દરેક જાતિ દ્વારા પોતાની સ્થિતિ પ્રમાણે ઉત્સવ કરતા.

**૧૮૯૦ પછી સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત**

એવું કહેવાય છે કે ૧૮૯૩ માં પુણેમાં ત્રણ સાર્વજનિક ગણેશની સ્થાપના કરવામાં આવી હતી અને શેરીઓમાં આ ગણેશની ઔપચારિક શોભાયાત્રા શરૂ થઈ હતી. આ ગણપતિ દસ દિવસનો હતો કે કેમ તે અંગે મતમતાંતર હશે. જોકે, ૧૮૯૩માં આ ગણેશોત્સવ ઉજવાયોતેવી નોંધ ઈતિહાસમાં મળે છે.

ભાઉ સાહેબ રંગારીના ઘરે બૈઠક યોજાઈ હતી અને તેમાં ગણપતિ સ્થાપના કરી ઉત્સવ કરવો એવો નિર્ણય લેવાયો હતો. આ બૈઠક માં પુણેના અગ્રણી નાગરિકો અને ધનકો ઉપસ્થિત હતા. ૧૮૯૩ સલનો સાર્વજનિક ગણેશોત્સવ અને એ પછી નીકળેલી શોભાયાત્રા આકર્ષક સ્વરૂપની થયી એવી નોંધ પણ મળે છે.અનંત

**પ્રાસંગિક**
**- પારસ ગુપ્તે**
**(સંકલનકર્તા)**

ચતુર્થીના દિવસે શ્રીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રાની સાથે કાશીનાથ જાધવની આગેવાનીમાં મેળો પણ નીકળ્યો હતો. લોકમાન્ય તિલકના કેસરી પત્રમાં (તારીખ ૨૬ સપ્ટેમ્બર, ૧૮૯૩) આનંદપૂર્વક લખ્યું હતું કે, આ વર્ષે અહીં ગણપતિને પધરાવવાની વિધિ દર વર્ષની સરખામણીએ વધુ અસામાન્ય છે અને વધુ સાર્વજનિક બની છે. ગણપતિને સર્વ જ્ઞાતિ, જાતિ ના હિંદુઓ પૂજે છે. ત્યારે ગણપતિ આગમનનો આ સમારંભ સાર્વજનિક થતા અનાયાસેજ સમગ્ર હિન્દુ સમાજ સાથે આવવાની જે પ્રવૃત્તિ શરુ થઇ છે તેને વેગ મળશે. આ સાર્વજનિક ગણેશઉત્સવમાં જે ગૃહસ્થોએ આગળરહિં ને કાર્ય કર્યું છે એમનો આભાર માનવો જોઈએ. આ રીતે લખીને લોકમાન્ય તિલકે આ ગણેઉત્સવને પ્રોત્સહન આપ્યાનું દેખાઈ આવે છે.

સાર્વજનિક ગણેશોત્સવના સાચા જનક કોણ ? ગણપતરાવ ઘોટાવડેકર ભાઈસાહેબ રંગારી કે લોકમાન્ય ટિળક? આ પ્રશ્નોના જવાબો શોધતી વખતે તે દરેકના અંગત વિચારો શું હતા અને તેમના વિચારો દ્વારા આ ગણેશોત્સવનું સ્વરૂપ કેવું ઘડાયું તે જોવું અગત્યનું બની જાય છે. જેને આપણે જાહેર ગણેશોત્સવ કહીએ છીએ તેના શરૂઆતના બે વર્ષમાં ખરેખર સાર્વજનિક હતો કે કેમ તે જોવું પણ જરૂરી છે. નાનાસાહેબ ખાજગીવાલે, ભાઉ સાહેબ રંગારી વિશેની કેટલીક વધુ ઉપેક્ષિત ઘટનાઓનો પરામર્શ ઐતિહાસિક દસ્તાવેજો દ્વારા થવો જોઈએ.

**કોણ છે ભાઉ સાહેબ રંગારી?**

ભાઉ સાહેબ લક્ષ્મણ જાવલે ઉર્ફે ભાઉ સાહેબ રંગારી! પુણેના પ્રખ્યાત રાજ વૈદ્યો પુણેમાં જ્યાં શનિવાર વાડા આવેલું છે. તેની પાછળ, એટલે કે શાલુકરના ખાંચામાં, શ્રીમંત ભાઉ સાહેબ રંગારીની હવેલી હતી. તે સમયે. આ વિસ્તારમાં શાલ વણાટ અને રંગકામ ચાલતું હતું. તેથી તેને શાલુકારનો ખાંચા કહેવામાં આવતું હશે.

ભાઉ સાહેબનો પણ આ વિસ્તારમાં શાલ રંગવાનો ધંધો હતો. એક તરફ ભાઉ સાહેબ લોકોને દવા આપતા અને શાલ પણ રંગતા. તેથી જ ભાઉ સાહેબ લક્ષ્મણ જાવલેનું નામ ' ભાઉ સાહેબ રંગારીં રાખવામાં આવ્યું.

કહેવાય છે કે ભાઉ સાહેબ અધ્યાત્મવાદી હતા છતાં તેમનામાં નવા વિચારો હતા. અંગ્રેજોના અન્યાયી શાસનમાંથી દેશને આઝાદ કરાવવો હોય તો સશસ્ત્ર ક્રાંતિનો માર્ગ નજીક હોવાનું ભાઉ ને લાગ્યું. તેમને નિષ્ઠાપૂર્વક લાગ્યું કે જો જાતિ-ધર્મથી વિભાજિત સમાજ એક થઈને અંગ્રેજો સામે લડશે તો આપણો દેશ ટૂંક સમયમાં આઝાદી મેળવી લેશે. ભાઉ સાહેબ વિચારશીલ હતા. તેઓ દેશની વર્તમાન પરિસ્થિતિ વિશે ચિંતિત હતા.

આ ચિંતામાંથી તેમણે દેશને આઝાદ કરવાનો વિચાર શરૂ કર્યો. ભાઉ સાહેબ રંગારીએ પોતાના મનમાં રાષ્ટ્રની આઝાદીની યોજનાઓને સાકાર કરવા માટે સશસ્ત્ર ક્રાંતિનો માર્ગ પસંદ કર્યો. ભાઉ સાહેબ ની ક્રાંતિકારી યોજનાઓ ભાઉ સાહેબ રંગારીની ગુપ્ત ક્રાંતિકારી ચળવળનો સાક્ષી તેમના પુણેના ઘરેથી મળે છેં એવું લાગે છે કે ભાઉ સાહેબે અંગ્રેજ શાસન સામે લડવા માટે ઘણા શસ્ત્રોની જરૂર પડે તે હેતુથી પોતાના ઘરમાં શસ્ત્રોનો મોટો ભંડાર જમા કરાવ્યો હતો. આ ભંડાર તાજેતરમાં વર્ષ ૨૦૧૫માં તેમના રહેઠાણના મકાનમાંથી મળી આવ્યો હતો. તેમાં મોટા જથ્થામાં સિંગલ-બેરલ, ડબલ-બેરલ, મઝલ-લોડિંગ બંદૂકો, તેમજ મઝલ-લોડર્સ.

બુલેટ્સ, પેલેટ્સ અને દારૂગોળો શામેલ છે. એવું પણ લાગે છે કે હથિયારો છુપાવવા માટે તેમના ઘરમાં ઘણી ગુપ્ત જગ્યાઓ બનાવવામાં આવી હતી. રૂમનો દરવાજો અંદરથી બંધ હોય તો પણ બહારથી ખોલી શકાય તેવી અનોખી વ્યવસ્થા હતી. ભાઉ સાહેબ રંગારી ના સમયગાળામાં, ખાસ કરીને પત્રી સરકાર દરમિયાન ઘણા ક્રાંતિકારીઓને છૂપી મદદ પૂરી પાડવાના ઘણા ઉદાહરણો પણ જોવા મળે છે.

ભાઉસાહેબ એક સક્રિય ક્રાંતિકારી હતા જેનો કેટલાક દસ્તાવેજોમાં ઉલ્લેખ છે. ચાલો તેના પર પણ એક નજર કરીએ

Bhau Rangari and Ganesh Narayan Ghotwadekar were two other members of Tatyasaheb's coterie. Bhau Rangari whose real name was 'Bhau Lakshman Javle' was a Maratha whom the police considered an extremely dangerous and troublesome man, he was deprived of his licence to hold arms in ???? on account of his bad reputation. He and Ghotwadekar were committed to the poona court sessions in ????, after the daeuwalla bridge communal riot, when they were charged with being the ringleaders of the crowd attempting to the aid rioters and obstruct the police. The charges were not sustained." (The myth of Lokamanya pg. no 70)

તેમના ક્રાંતિકારી જીવનનો આ એક મહત્વપૂર્ણ રેકોર્ડ છે. કમનસીબે ભાઉસાહેબ રંગારીના આ ક્રાંતિકારી કાર્યની સમાજને જાણ નથી. પુણેમાં જ્યાં આ ક્રાંતિકારી પ્રયોગો કરવામાં આવ્યા હતા ત્યાંથી ભાઈસાહેબનું ઘર આજે પણ પૂનામાં એવું જ છે. જિજ્ઞાસુએ મુલાકાત લેવી જ જોઈએ. ૧૯૯૪માં સમગ્ર ભારતમાં થયેલા હિંદુ-મુસ્લિમ રમખાણોએ હિંદુ સમુદાયને મોટા પાયે એકત્ર કર્યો અને આ એકીકરણથી ગણેશોત્સવને બળ મળ્યું. આ રમખાણોને પગલે હિંદુ સમુદાયને એક કરવા લોકમાન્ય તિલક લખતા હોવાના અવારનવાર ઉલ્લેખો મળે છે. તેમજ ભાઉ રંગારીએ પણ આ રમખાણોમાં ભાગ લીધો હોવાના સંદર્ભો મળે છે. તેણે ખરેખર તોફાનોને ડામવા માટે પહેલ કરી હતી. જો કે, તેનાથી વિપરિત, તોફાનો ભડકાવવાના આરોપમાં અંગ્રેજોએ તેની ધરપકડ કરી હતી. તેમના બંદૂકના લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા. પરંતુ પુરાવા ન મળતા આખરે તેને નિર્દોષ છોડી મુકવામાં આવ્યો હતો. લોકો લોકમાન્ય ટિળકના જીવનચરિત્રનો કેટલોક ભાગ જાણે છે કે લોકમાન્ય ટિળકે સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત કરી હતી. પરંતુ લોકો ભાઉ રંગારી વિશે કશું જાણતા નથી. તેમનો ટૂંકમાં પરિચય કરાવવાનો આ પ્રયાસ!

જાહેર કાર્ય હાથ ધર્યા પછી, શક્ય તેટલા વધુ લોકોને સામેલ કરીને તેને આગળ ધપાવવાનું અને વિસ્તરણ કરવાનું હોય છે. સમાજ તેજ નેતૃત્વને સફળ માને છે જે શરૂ કરેલું કાર્ય મોટા પ્રમાણમાં વિસ્તરણ કરવામાં આવે. જેઓ કામ અધવચ્ચે છોડી દે છે તેને આરંભે શૂરા કહેવાય છે. જો કે પ્રથમ વર્ષમાં સાર્વજનિક ગણપતિની સ્થાપના કરનારાઓમાં તિલક સીધી રીતે સામેલ ન હતા. પરંતુ તિલક ઉત્સવને ઉત્સાહથી બિરદાવતા હતા. પછીના વર્ષે તિલક પોતે જ ઝીણવટભરી બાબતો પર ધ્યાન આપતા હતા.

'કેસરી'માં જેઓ ઉત્સવ માટે મહેનત કરતા હતા પીઠ થાબડતા હતા, જ્યાં કંઈક પણ વધતું ઓછું લાગ્યું હોય ત્યાં તેના કાન પણ પકડ્યા હતા. ત્રીજા વર્ષે ઉત્સવના તમામ સૂત્રો પોતાના હાથમાં લીધી. તિલક ગણેશોત્સવના પ્રણેતા બન્યા.

એ સ્વીકારવું જ જોઇએ કે તિલક પહેલા પણ પુણેમાં સાર્વજનિક ગણેશની સ્થાપના કરવામાં આવી હતી. તિલક પહેલા પુણેમાં ગણપતિની સાર્વજનિક સ્થાપના કરવામાં આવી હતી એ વાત સ્વીકારી લેવામાં આવે તો પણ તેનું સ્વરૂપ શું હતું? આ પ્રશ્નોના જવાબો શોધવા જરૂરી છે કે શું તિલકે આ તહેવારનો ઉપયોગ સ્વતંત્રતા ચળવળને પ્રોત્સાહન આપવા માટેના સાધન તરીકે કર્યો હતો.

ગણેશોત્સવ વિશે વિચારતી વખતે. આપણે બધાએ એક વાત યાદ રાખવી જોઈએ કે આ તહેવારની શરૂઆતના દિવસોમાં ધાર્મિક પૃષ્ઠભૂમિ હતી. વાસ્તવમાં પૂજા-અર્ચના, ભજન-પૂજન એ આ ઉત્સવના અભિન્ન અંગ હતા. ઉત્સવનું પ્રારંભિક સ્વરૂપ ધાર્મિક પ્રકૃતિનું હતું. એક તરફ હિંદુ-મુસ્લિમ રમખાણો ચાલી રહ્યા હતા ત્યારે હિંદુઓને એક થવા માટે ગણેશોત્સવ નિમિત્તે તેમનું યોગ્ય સાધન વ્યાસપીઠ મળ્યું. તેથી ગણપતિનો આ નવો સાર્વજનિક ઉત્સવ આપોઆપ અલગ થઈ ગયો. તિલકને પણ ગણેશોત્સવનું મહત્વ લાગ્યું. તેઓ લખે છે, જે કોઈએ સર્વત્ર સ્થાપિત સાર્વજનિક ગણેશ, લોકો દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલી આરશ, ભવ્ય અને સુંદર વેશભૂષા અને સેંકડો ભજની મેળાઓના મધુર ગીતો જોયા કે સાંભળ્યા હશે, તેને ખબર પડશે કે સાર્વજનિક ગણેશની સ્થાપના કેટલી જરૂરી છે. (કેસરી - વગેરે. ૩ સપ્ટેમ્બર ૧૮૯૫).

(ક્રમશઃ)

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605

## પારડીનાં વિવિધ મંડળોની સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓ


બહુચર માતા મંદિર કંસારવાડ


બાલાખાડી રાજા


ભંડારી સ્ટ્રીટ ચાર રસ્તા


બ્રહ્મદેવ મંડળ


શ્રી ગણેશ કહારવાડ મંડળ


માર્કેટ કા મહારાજા


જય હિન્દ સાર્વજનિક
મહોત્સવ પોણીયા રોડ રોડ


માજી મોહલલો
નવયુવક મિત્ર મંડળ


મારુતિ પાર્ક
દમણીઝાંપા


નવયુવક આનંદ મંડળ
ચીવલ રોડ


ઓમકાર યુવક મંડળ
ચીવલ રોડ


રાણા સ્ટ્રીટ


સૌરભ મંડળ
વાણીયાવાડ


શ્રી વિનાયક મંડળ
સુલતાન સ્ટ્રીટ


શ્રી ગણેશ યુવક મંડળ
દમણીઝાપા રાજા


તુલસી ક્યારા
પટેલ સમાજ

## ઉમરસાડી માછીવાડમાં સત્યનારાયણ કથાનું આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં ઋષિ પંચમીના પવિત્ર દિવસે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના પ્રાંગણમાં શ્રી સીમેન મંડળ ઉમરસાડી માછીવાડ ગામ સંચાલિત સમૂહ સત્યનારાયણ કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાનાં યજમાન પદે તેર ફળિયામાંથી ૧૪ સીમેન કપલ બેસાડવામાં આવ્યાં હતાં. કરોના મહામારીને કારણે લાંબા ચાર વર્ષનાં અંતરાલ બાદ આ વર્ષે પરિપૂર્ણ કરવા આવી હતી. આ સમૂહ સત્યનારાયણ વ્રતકથા કરવા પાછળ ઘણા હેતુઓ છુપાયેલા છે. આ ઊમરસાડી માછીવાડ ગામમાં ૯૦ ટકા લોકો સીમેન વ્યવસાય સાથે કુટુંબો સંકળાયેલા છે અને સતત ૯ મહિના સુધી કુટુંબ ફેમિલીથી દૂર રહી વિદેશ ગમન કરે છે. જેઓનાં રક્ષણ કાજે દર વર્ષે સમૂહ સત્યનારાયણ ભગવાનની પૂજા રાખવામાં આવે છે. આ સાથે સમગ્ર ગામમાં સુખશાંતિ બની રહે એવા આશય પણ છુપાયેલો છે. સીમેનભાઈઓ વિદેશીથી પરત ફર્યા બાદ ઘરે, કુળદેવીનાં મંદિરમાં તથા જલારામ મંદિરમાં



સત્યનારાયણની પૂજા કરતાં નજરે પડે છે. આ કથાનો લાભ લેવા માટે સમગ્ર ગામવાસીઓમાં શ્રી માછી મહાજન પંચના હોદેદારો, ગામના આગેવાનો, વડીલબંધુઓ, નવયુવાનો, સીમેન મંડળના ભાઈઓ બહેનો, માતાઓ બહેનો તથા નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ભૂદેવોનાં મંત્રોચ્ચાર થકી વિવિધ પ્રકારની વિધી, પૂજા અર્ચના કરી સત્ય નારાયણ ભગવાનની કથા સંભળાવી અંતે ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. આરતી પત્યાબાદ પધારેલ ગામજનો આરતીનાં દર્શન કરી પ્રસાદ લઇ ધન્ય થયા હતાં. આ વર્ષે સીમેન મંડળ તરફથી કથાની સંપૂર્ણ જવાબદારી ભરકલી ફળિયાને સોંપવામાં આવી હતી. સમગ્ર ભરકલી ફળિયાના સહિયારા પ્રયાસોથી આયોજનમાં કોઈ પણ પ્રકારની ખામી જોવા ન મળી હતી. સરસ સુંદર આયોજન જોવા મળ્યું હતું. એની ફલશ્રુતિ રૂપે અથવા ચાર વર્ષ બાદ સેવા કરવાનો અવસર પ્રાપ્ત થતા ભરકલી ફળિયાનાં સીમેન મંડળ તરફથી ફળિયામાં મહા-સાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સીમેન મંડળના પ્રમુખ ક્રિષ્નાભાઈ વી. ટંડેલ, ઉપપ્રમુખ અરવિંદભાઈ એમ. ટંડેલ, મંત્રી રામચંદ્રભાઈ એમ. ટંડેલ, સહમંત્રી કમલેશભાઈ ડી. ટંડેલ તથા કોષાધ્યક્ષ વિશ્રામભાઈ બી. ટંડેલ તેમજ સમગ્ર ભરકલી ફળિયાના સહિયારા પ્રયાસો થકી સત્યનારાયણ ભગવાનની વ્રતકથા સંપન્ન થઇ હતી.

## પારડી યુનીટ હોમગાર્ડઝ દળના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** ડી.જે.ભગત, જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ વલસાડની સુચના મુજબ પારડી



યુનીટ હોમગાર્ડઝ દળના ઓફિસર કમાન્ડીંગ ઇન્ચાર્જ શૈલેષભાઇ બી.પટેલ તથા પરેડ ઇન્સ્ટ્રક્ટર આનંદ બી.હળપતિની આગેવાની હેઠળ પારડી યુનીટ હોમગાર્ડઝ દળના સભ્યો મારફતે વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરી વિવિધ પ્રકારના વૃક્ષો તથા છોડ તાલુકા પારડી વિસ્તારમાં ખુલ્લી પડેલી જમીનમાં રોપી વૃક્ષોનું મહત્વ સમજાવતા ઓફિસર કમાન્ડીંગ ઇન્ચાર્જ શૈલેષભાઇ બી.પટેલે જાહેર જનતાને વૃક્ષોનું મહત્વ સમજાવતા સંદેશ પાઠવ્યો હતો કે વૃક્ષો આંપણા જીવનમાં તથા પર્યાવરણ માટે કેટલા મહત્વ ધરાવે છે, જેમકે વૃક્ષો, રણ ને આગળ વધતુ અટકાવે છે, દરીયા કિનારાના ધોવાણને અટકાવે છે નદિના કાંપને વધતો રોકે છે તથા નદિના પુરનો વેગ નિયંત્રાણ કરે છે, વધતા તાપમાનને નિયંત્રણમાં રાખે છે, વૃક્ષો આપણાને ફળો, ઐષધીઓ, તથ રોજીંદા જીવનમાં ઓક્સિઝન પુરૂ પાડે છે, અસંખ્ય જીવ જંતુ પ્રાણી પક્ષીઓને રહેઠાંણ તથા ખોરાક પુરો પાડે છે, વૃક્ષો આંપાણા માટે ધરતી પર એક વરદાન રૂપ છે, આરીતેનો જાહેર જંતાને વૃક્ષો રોપી સંદેશો આપવામાં આવ્યો હતો.



છેલ્લા ૨ વર્ષ થી ઉમરસાડી અનાવિલ ઉત્કર્ષ મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવમાં ૫૬ ભોગનું આયોજન ગામની મહિલા ઓ દ્વારા કરવામાં આવે છે. એજ રીતે આ ત્રીજે વર્ષે પણ ગામની મહિલાઓ દ્વારા બીજે દિવસે ૫૬ ભોગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મંડળ દ્વારા સતત ૩૫ વર્ષ થી અહી ગણપતિની સ્થાપના કરવામાં આવે છે તેમજ ચોથે દિવસે અહી મહાપ્રસાદ તેમજ ભજનનું આયોજન પણ કરવામાં આવે છે પાંચમા દિવસે ગામમાં પાલખી યાત્રા કાઢી ગણપતિ બાપ્પાનું હર્ષ ઉલ્લાસથી વિસર્જન કરવામાં આવે છે.

## પારડી પાર નદીના કિનારે શ્રીજીની પ્રતિમાને વિસર્જન માટે વ્યવસ્થા ગોઠવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડી પંથકમાં પાર નદીના કિનારે વિસર્જનની પ્રક્રિયા ચાલી રહી છે પારડી નગરપાલિકા દ્વારા શ્રીજીની પ્રતિમા ભક્તો સહેલાઈથી વિસર્જિત કરી શકે એ માટે ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને દિવસ દરમિયાન પાલિકાના કર્મચારીઓ સેવાઓ આપી રહ્યા છે અહીં પાર નદીના કિનારે છેલ્લા ચાર દિવસથી ઉત્સાહપૂર્વક લગભગ ૪૦૦ થી ૫૦૦ જેટલી ગણેશ પ્રતિમાઓ ભક્તોએ વાજતે ગાજતે વિસર્જિત કરી છે પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર ભાવસાર અને વહીવટદાર



મામલતદાર રાણાની રાહબારી હેઠળ પારડી નગરપાલિકાએ સુંદર વ્યવસ્થા ગોઠવી છે. જેમાં લાઈટની વ્યવસ્થા રોડની વ્યવસ્થા પાર્કિંગની વ્યવસ્થા અને ફાયર બ્રિગેડની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પાલિકાના વિવિધ વિભાગ જેમ કે, આરોગ્ય લાઈટ વીજળી ફાયર સહિત અન્ય વિભાગના કર્મચારીઓ વિસર્જન દરમિયાન સેવાઓ આપી રહ્યા છે. પાલિકાએ ગોઠવેલ સુંદર વ્યવસ્થાના લીધે વિસર્જન પ્રક્રિયા સહેલાઈથી થઈ રહી છે ને ભક્તોને સગવડ મળી રહી છે. હવે પાંચ દિવસના સાત દિવસના અને આનંદ ચૌદસના દસ દિવસના શ્રીજીની પ્રતિમાઓ વિસર્જિત કરવામાં આવશે અંતિમ દિવસે જ્યારે વિશાળ સંખ્યામાં મોટી શ્રીજીની પ્રતિમા આવશે તે પ્રસંગે વિશેષ વ્યવસ્થા પારડી નગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

### મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ અને રોજગારીની તકો વિષય પર

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં વ્યાખ્યાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** જે. પી. પારડીવાળા આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, કિલ્લા પારડીમાં વાણિજ્ય વિભાગના ઉપક્રમે ટી. વાય. બી. કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ અને રોજગારીની તકો વિષય પર વ્યાખ્યાનનુ આયોજન કરવામાં આવ્યું હતું. બોમ્બે મહિન્દ્રા કોટકનાં મોન્ટીશભાઈએ વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વાણિજ્ય વિભાગના અધ્યક્ષ મુકેશસિંહ સોલંકી દ્વારા મહેમાનનો પરિચય અને કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી.

કૉલેજના ઇન્ચાર્જ આચાર્યડૉ. ગંગાબેન પટેલે મહેમાનને પુષ્પગુચ્છ અર્પણ કરી વિદ્યાર્થીઓને આ વ્યાખ્યાન અભ્યાસક્રમની દ્રષ્ટિએ ઉપયોગી થશે. એ બાબતની જાણકારી આપી હતી. શારીરિક શિક્ષણનાં પ્રાધ્યાપક જીતુભાઇ ટંડેલે કાર્યક્રમ સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. વાણિજય વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. બિન્દુબેન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ એફ. વાય. બી. કોમની વિદ્યાર્થીનીઓ પટેલ પાયલ અને પટેલ કિરણ એ સમગ્ર કાર્યક્રમને કેમેરામાં કેદ કરી દસ્તાવેજીકરણ કર્યું હતું. આ વ્યાખ્યાનમાં ૧૦૧ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

## પારડીના રામદેવ પીરના મંદિરમાં બીજનો ઉત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડીમાં તળાવની પાર પર આવેલ પ્રાચીન રામદેવ પીરના મંદિરમાં તાજેતરમાં જ પરંપરાગત રીતે બીજનો ઉત્સવ ઉજવાયો હતો જેમાં વિશાળ સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અહીં તળાવની પાળ ઉપર અલબેલા મહારાજ એ રામદેવ પીર મંદિરનું બાંધકામ ભક્તોની મદદથી કરાવ્યું હતું ત્યારથી રામદેવની સ્થાપિત થયેલ પ્રતિમાના દર્શન કરવા માટે વિશાળ સંખ્યામાં ભક્તો આવે છે અને ભક્તોને આ પ્રાચીન મંદિર પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે. તાજેતરમાં અલબેલા મહારાજના પુત્ર અને મંદિરના પૂજારી અનિલભાઈ મહારાજ મુન્નાભાઈ મહારાજ અને એમના પરિવાર દ્વારા ભક્તોની મદદથી બીજ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રામદેવપીરની પૂજા આરતી ભજન સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ભગવાન સત્યનારાયણ દેવની પૂજા કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. મહાપ્રસાદમાં ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### નવયુવક મિત્ર મંડળ દ્વારા

## કોટલાવમાં શ્રીજીને ૫૬ ભોગ ચઢાવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડી તાલુકાના કોટલાવમાં નવયુવક મિત્ર મંડળ દ્વારા શ્રીગણેશજીને ૫૬ ભોગ ચઢાવ્યો હતો. ગણેશ યજ્ઞ, વિષ્ણુયજ્ઞ, સૂર્ય યજ્ઞ, નવચંડી યજ્ઞ અને લઘુરુદ્ર એમ પંચયજ્ઞ કરવામાં આવ્યો હતો. પારડીના કોટલાવ ગણેશ ચતુર્થી નિમિત્તે નવયુવક મિત્ર મંડળ દ્વારા ૫૬ ભોગ ગણપતિ બાપ્પાને ચઢવવામાં આવ્યો હતો. પારડી સ્ટેશન રોડ કોટલાવ નવયુવક મંડળ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને છેલ્લા સાત વર્ષથી મહિલાઓ દ્વારા ૫૬ ભોગ તૈયાર કરી ગણપતિ બાપાને ચડાવી પ્રાર્થના કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સવારથી બહેનો ૫૬ ભોગ બનાવવામાં જોતરાયા હતા અને સવારે આરતી કરી બાપાને ૫૬ ભોગ ધરાવ્યો હતો.

આ પ્રસંગે ભંડારી સમાજના સાયકલીસ્ટ અને પંચ કૈલાશ એવા



કાંતિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે જયંતીભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે દર વર્ષના જેમ આ વર્ષે પણ પંચ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણેશ અને વિષ્ણુ યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યો છે અને સૂર્ય યજ્ઞ, નવચંડી યજ્ઞ અને લઘુરુદ્ર એમ પંચ યજ્ઞ પૂર્ણ કરવામાં આવ્યું હતું. બહેનોએ જણાવ્યું હતું કે, માતા યશોદા સાત દિવસ સુધી આઠ પ્રહર નીત નવીન વાનગીઓ બનાવી કૃષ્ણજીને ખવડાવી હતી તેવી જ રીતે કાના સમાન આપણા ગણપતિ બાપાને પણ ૫૬ ભોગ બનાવી બાપાને ચઢાવ્યો છે અને ઉત્સાહભેર મહિલાઓ, યુવાનો, વડીલો ઉપસ્થિત રહી ગણેશ ઉત્સવની ઉજવણી કરી રહ્યા છે.

## પારડીની સાયન્સ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ મિસ્કોસ સ્ટુડિયોની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ ઇંગ્લિશ મિડીયમ કોલેજ દ્વારા T.Y.B.Sc ના વિદ્યાર્થીઓ માટે મિસ્કોસ સ્ટુડિયોની મુલાકાત યોજાઈ હતી. આ અયોજનનો મુખ્ય હેતુ એ હતો કે, વિદ્યાર્થીને ભણતરમાં આવતાં વિષય અંતર્ગત વિદ્યાર્થી ઓ ને જનરલ કેમિસ્ટ્રીમાં કોસ્મેટિક વિશે તેમનાં અલગ અલગ વિભાગો લિપસ્ટિક, કોમ્પેક પાઉડર, નેઈલ પેન્ટની બનાવટ અને તેમના કાર્યની માહિતી અપાઈ હતી. આ ઉપરાંત કંપનીના પ્રતિનિધિ દેવેન પટેલ દ્વારા માહિતીની વિગત વાર ચર્ચા કરી હતી અને વિદ્યાર્થીના સવાલોના જવાબ આપવામાં આવ્યાં હતાં. આ કંપનીમાં કોલેજના વિદ્યાર્થી માટે પ્રથમ વિઝિટ છે તેથી પુરે પૂરું જ્ઞાન અને નેઈલ પેન્ટના વિવિધ કલર કોડ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આકાંક્ષા પટેલ અને ડૉ. અજય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કંમ્પનીની વિઝિટ બદલ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. દીપેશ શાહ અને પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## ઉદવાડા ઝરીમરી માતાજી મંદિરે ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડી તાલુકાના ઉદવાડા ગામે ઝરીમરી માતાજી મંદિરે ગણેશ મહોત્સવમાં નવયુવક મિત્ર મંડળ દ્વારા ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. જયેશભાઈ અને કલાવૃંદની ટીમે ગણપતિ બાપ્પા અને માતાજીના ભજનો પીરસી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ઉદવાડા ગામ શ્રી ઝરીમરી માતાજી મંદિર ખાતે નવયુવક મિત્ર મંડળ ઉદવાડા ગામ દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયેશભાઈ અને કલાવૃંદની ટીમે એ વિવિધ ભજનો પીરસી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે દાતાઓએ દાનની વર્ષા કરી હતી. વિવિધ વાજિંત્રો સાથે ગણપતિ બાપ્પા અને માતાજીના ભજનોની પ્રસ્તુતિ કરતા ઉદવાડા ગામમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

## પારડીમાં રાજસ્થાની સમાજ દ્વારા સાવન લહેરિયા ઈવેન્ટનું આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૦ :** પારડીમાં રાજસ્થાની સમાજ દ્વારા સાવન લહેરિયા ઈવેન્ટનું આયોજન કરવામાં આવતા મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પારડી હાઈવે સ્થિત જૂની મામલતદાર પાસે આવેલ બાલમંદિરના હોલમાં શ્રાવણ માસને લઈ દર વર્ષના જેમ આ વર્ષે પણ રાજસ્થાની પરિવાર દ્વારા સાવન લહેરિયા ઈવેન્ટનું આયોજન કરતા રોયલ રાજસ્થાની પરિવાર એ ભાગ લીધો હતો. જેમાં મહિલાઓએ



રાજસ્થાની પોશાકમાં વિવિધ કૃતિઓ ઘુમર-ડાન્સ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો મહિલાઓમાં રહેલ પોતાની કળા બહાર લાવવાના હેતુથી લહેરીયા ફંક્શનનું આયોજન કરવામાં આવે છે. જેમાં પારડીમાં રહેતા વિવિધ રાજસ્થાની પરિવારો ભેગા મળી લહેરિયા ફંકશનમાં ભાગ લીધો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 11, September 2024


## ચીન પર વધતી નિર્ભરતાનાં જોખમ

